CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧ | સોમવાર, તા.૧૯-૦૧-૨૦૨૬ | અંક : ૧૭ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# દ્વારકામાં ઐતિહાસિક અવસર : ૨૧ હજાર બ્રાહ્મણો ૫૮ કરોડ જાપ કરી રચશે ઇતિહાસ

## ભગવાન કૃષ્ણની કર્મભૂમિ ઉપર ૫૦ એકરમાં ભક્તિ, ભજન અને ભોજનનો મહાસંયોગ



તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકાનાં આંગણે ધર્મ મહાકુંભનો શુભારંભ થયો છે. ૨૧ હજાર બ્રાહ્મણો અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં દ્વારકામાં ૫૮ કરોડ જાપ કરી ઇતિહાસ રચવામાં આવશે. ઓખામંડળના સ્વ. વિરમભા આશાભા માણેકની પ્રેરણા, મહાત્યાગી નેપાળીબાબાનાં આશિર્વાદથી, વિશ્વ શાંતિનાં શુભ હેતુથી ધારાસભ્ય પબુભા માણેક દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું મહા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ભગવાન કૃષ્ણની પવિત્ર કર્મભૂમિ ઉપર ૫૦ એકરમાં ભક્તિ, ભજન અને ભોજનનો મહાસંયોગ રચાશે.

દ્વારકાના આંગણે યોજાનાર ધર્મ મહાકુંભ માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નહીં, પરંતુ સમગ્ર ભારતની આધ્યાત્મિક શક્તિ, સંસ્કૃતિ, સાધના અને એકતાનું મહાન પ્રતીક બનવા જઈ રહ્યો છે. અલૌકિક ધાર્મિક મહોત્સવ અંતર્ગત દેવી ભાગવત કથા અને શ્રી મહાચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભારતભર તેમજ નેપાળમાંથી આવેલા ૨૧,૦૦૦ બ્રાહ્મણો દ્વારા ૫૮ કરોડ જાપ કરવામાં આવશે. આ જાપવિધિ દ્વારકાની ધરતીને આધ્યાત્મિક ઊર્જાથી પ્રફુલ્લિત કરી દેશે અને સમગ્ર વિશ્વમાં ધર્મશક્તિનું સંદેશ આપશે.

આ ધર્મ મહાકુંભનું સૌથી વિશેષ આકર્ષણ છે ૫૮ કરોડ મંત્રજાપ આ જાપવિધિમાં ૨૧,૦૦૦ બ્રાહ્મણો ભારતના વિવિધ રાજ્યો તેમજ નેપાળમાંથી પધારેલા વિદ્વાન બ્રાહ્મણો વૈદિક વિધિ, મંત્રોચ્ચાર અને તંત્રવિધિ સાથે મહાચંડી યજ્ઞમા જોડાશે. આ પ્રકારનું આયોજન દેશમાં અતિ દુર્લભ છે. માનવામાં આવે છે કે આટલા મોટા પ્રમાણમાં મંત્રજાપથી રાષ્ટ્ર, સમાજ અને માનવજાત માટે શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષા સુનિશ્ચિત થાય છે.

આ મહાકુંભ દરમિયાન દેવી ભાગવત કથાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથામાં મહામંડળેશ્વર કનકેશ્વરી માતાજીની મહિમા સાથે દેવીશક્તિ, સ્ત્રીશક્તિ, ભક્તિ અને ધર્મનું ઊંડું દર્શન કરાવવામાં આવશે. દેવી ભાગવત કથા જે માનવજીવનમાં શ્રદ્ધા અને સંસ્કાર જગાવે છે સને સ્ત્રી શક્તિના મહાત્મ્યને ઉજાગર કરે છે સાથે જ અધર્મ સામે ધર્મની વિજયગાથા રજૂ કરે છે.

આ મહાકુંભમાં મહંત દેવેન્દ્રપ્રસાદાચાર્યજી મહારાજ (વિન્દુગાદ્યાચાર્ય ચક્રવર્તી, દશરથ મહેલ, અયોધ્યા), મહંત મૈંથલીરમણ શરણજી (લક્ષ્મણકિલા પીઠાધીશ્વર, અયોધ્યા), મહંત જન્મેજયશરણજી મહારાજ (રસિકપીઠાધીશ્વર, શ્રીજાનકી ઘાટ, અયોધ્યા), મહંત અવધેશદાસજી મહારાજ (બડા ભક્તમાલ, અયોધ્યા), મહંત ધર્મદાસજી (નિર્વાણી અની અખાડા, અયોધ્યા), મહંત સ્વામી છવિરામદાસજી (મોટા હનુમાન મંદિર, અયોધ્યા), જગદ્ગુરુ પરમહંસ આચાર્ય (તપસ્વી છાવણી, અયોધ્યા), મહંત સચ્ચિદાનંદદાસજી શાસ્ત્રી (મનોકામના સિદ્ધ હનુમાન પીઠ, ઋષિકેશ), શ્રી મહામંડલેશ્વર સુરેન્દ્રગિરિજી (વ્યાસનગર, વનારસ) આ ઉપરાંત અનેક અખાડાઓના મહંતો, પીઠાધીશ્વરો અને સાધુ-સંતોની મહાઉપસ્થિતિ આ કાર્યક્રમને અદ્વિતીય બનાવશે. સાથે જ ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યના તમામ મંત્રીમંડળ અને ધારાસભ્યો, સંસદસભ્યો, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિતના સહભાગી બનશે.

આજ તા.૧૯ જાન્યુઆરીથી તા. ૩૧ જાન્યુઆરી સુધી સતત ૧૩ દિવસ દરરોજ પૂજા, યજ્ઞ, કથા, સંકીર્તન, દરરોજ સરેરાશ ૨ લાખથી વધુ ભક્તો મહાપ્રસાદનો લાભ લેશે. મહાપ્રસાદનું આયોજન પણ એટલું જ વિશાળ અને વ્યવસ્થિત હશે. આ આયોજનથી દ્વારકાની વૈશ્વિક ઓળખ વધુ મજબૂત થશે. ધાર્મિક પર્યટનમાં વધારો થશે, સ્થાનિક અર્થતંત્રને લાભ મળશે સાથે જ નવી પેઢીને સંસ્કૃતિ સાથે જોડાણ મળશે. દ્વારકાના આંગણે યોજાનાર આ ધર્મ મહાકુંભ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ભારતની આત્માનું મહોત્સવ છે. ૫૮ કરોડ જાપ, ૨૧ હજાર બ્રાહ્મણો, ભારતભરના સંતો, રાજકીય નેતાઓ અને લાખો ભક્તોની ઉપસ્થિતિ સાથે દ્વારકા ફરી એકવાર સાબિત કરશે કે ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા આજે પણ ભારતની ઓળખ છે.

# ચાંદીનો ભાવ વધીને રૂા. ત્રણ લાખને પાર : સોનાના ભાવમાં પણ ઉછાળો

## વૈશ્વિક પરિબળોની અસરના કારણે ધાતુઓના ભાવમાં રોકેટ ગતિએ વધારો : ચાંદીમાં છેલ્લા ત્રણ સપ્તાહમાં પ્રતિ કિલો રૂ. ૬૫,૬૧૪ નો ભાવ વધારો,સોનામાં ૯૬૯૬ વધ્યા

મુંબઈ,

વૈશ્વિક તણાવ અને સલામત માંગને કારણે સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો ચાલુ છે. ચાંદી પહેલીવાર પ્રતિ કિલો રૂ.૦૩ લાખને વટાવી ગઈ છે, જ્યારે સોનાએ પણ નવી રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું હતું.

સોના અને ચાંદીના ભાવ ઘટવા અંગેની બધી આગાહીઓ ખોટી સાબિત થઈ રહી છે. બંને કિંમતી ધાતુઓ સતત નવા રેકોર્ડ બનાવી રહી છે. આજે સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે બજાર ખુલતાની સાથે જ ચાંદીમાં ભારે ઉછાળો જોવા મળ્યો, અને એક કિલો ચાંદીનો ભાવ પહેલી વખત રૂ.ત્રણ લાખને વટાવી ગયો હતો.

એમસીએક્સ પર માર્ચ મહિનામાં ચાંદીના વાયદા રૂ.૧૩,૫૫૦ અથવા ૫ ટકાથી થી વધુ વધીને રૂ. ૩,૦૧,૩૧૫ પ્રતિ કિલોના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર જોવા મળ્યો હતો. સોનાનો ભાવ પણ વધારા સાથે નવી ટોચ પર પહોંચ્યો હતો. ગત વર્ષમાં મજબૂત તેજી પછી ચાંદીએ પણ ચાલુ વર્ષની શરૂઆત રેકોર્ડ બ્રેકિંગ ગતિ સાથે કરી છે. જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવ પ્રતિ કિલો રૂ. ૬૫,૬૧૪ વધ્યા છે. ૩૧ ડિસેમ્બરના રોજ, એક કિલો ચાંદીનો ભાવ રૂ. ૨,૩૫,૭૦૧ હતો, અને હવે તે રૂ. ૩,૦૧,૩૧૫ પ્રતિ કિલોના ઐતિહાસિક ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે.

સોનાના ભાવમાં પણ આટલો જ તીવ્ર વધારો જોવા મળ્યો છે. એમસીએક્સ ફેબ્રુઆરી ફ્યુચર્સ સોનું ગયા શુક્રવારે રૂ.૧,૪૨,૫૧૭ પ્રતિ ૧૯ ગ્રામ પર બંધ થયું હતું, પરંતુ આજે ટ્રેડિંગ શરૂ થતાંની સાથે જ સોનાનો ભાવ રૂ.૧,૪૫,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામના નવા રેકોર્ડ ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો છે.એક જ સત્રમાં સોનાના ભાવમાં અંદાજે રૂ.૨૯૮૩ નો વધારો થયો છે.




# દક્ષિણ સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેન ટકરાતા ૨૧ લોકોના મોત : ૭૩ને ઈજા

## કોર્ડોબા પ્રાંતની ઘટનામાં એક ટ્રેન પાટા ઉપરથી ખડી ગયા બાદ બે હાઈસ્પીડ ટ્રેન વચ્ચે થઈ ટક્કર : ટ્રેનમાં ૫૦૦ મુસાફરો હતા

કોર્ડોબા,સ્પેન,

દક્ષિણ સ્પેનમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. એક ટ્રેન પાટા પરથી ઉતરી ગયા બાદ હાઈ-સ્પીડ ટ્રેનો ટકરાઈ જવાની ઘટનામાં ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા અને ૭૩ લોકો ઘાયલ થયા હતા. જોકે, આ આંકડો વધવાની ધારણા છે. ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે.

આ અકસ્માત કોર્ડોબા પ્રાંતના અદામુઝ નજીક થયો, જેના કારણે મેડ્રિડ અને એન્ડાલુસિયા વચ્ચે રેલ સેવાઓ સ્થગિત થઈ ગઈ. અહેવાલો અનુસાર, માલાગાથી મેડ્રિડ જતી એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને વિરુદ્ધ દિશામાંથી આવતી બીજી ટ્રેન સાથે અથડાઈ. મીડિયા અહેવાલો દર્શાવે છે કે બંને ટ્રેનોમાં આશરે ૫૦૦ મુસાફરો હતા.

સ્પેનિશ રેલ ઓપરેટર છદ્વૈંહ્વ એ અહેવાલ આપ્યો છે કે રવિવારે દક્ષિણ સ્પેનમાં એક હાઈ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને વિરુદ્ધ દિશામાંથી આવતી ટ્રેન સાથે અથડાઈ. કટોકટી સેવાઓએ અહેવાલ આપ્યો છે કે આ ટકરાવમાં ૨૦ લોકો માર્યા ગયા અને ૭૩ ગંભીર રીતે ઘાયલ થયા. જોકે, મૃત્યુઆંક વધવાની આશંકા છે. બે ગાર્ડિયા સિવિલ અધિકારીઓએ ફોન અને ટેક્સ્ટ સંદેશ દ્વારા એસોસિએટેડ પ્રેસને મૃત્યુઆંકની પુષ્ટિ કરી. તેમણે પોલીસ નિયમો અનુસાર નામ ન આપવાની શરતે વાત કરી.

માલાગા અને મેડ્રિડ વચ્ચે સાંજની ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને મેડ્રિડથી દક્ષિણ સ્પેનના બીજા શહેર હુએલ્વા જતી ટ્રેન સાથે અથડાઈ. આંદાલુસિયા પ્રાંતમાં, જ્યાં અકસ્માત થયો હતો, ત્યાં કટોકટી સેવાઓએ અહેવાલ આપ્યો છે કે ૨૦ લોકો માર્યા ગયા છે અને ૭૫ ગંભીર રીતે ઘાયલ થયા છે. સિવિલ ગાર્ડના જણાવ્યા અનુસાર, ઘણા લોકો હજુ પણ ડબ્બાઓમાં ફસાયેલા છે. બચાવ કામગીરી ચાલુ છે, અને કટોકટી સેવાઓ ઘટનાસ્થળે હાજર છે. અકસ્માત બાદ મેડ્રિડની હોસ્પિટલોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે. ૭૩ ઘાયલ મુસાફરોને છ અલગ અલગ હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે.




CMYK CMYK

# ગુજરાતમાં મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે

## મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણના અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના નિર્દેશો આપ્યા

ગાંધીનગર,

ગુજરાત સરકારે કોર્પોરેશન વિસ્તારમાં આવેલા ટેક્ષટાઈલની નોન પોલ્યુટીગ પ્રવૃતિ ગારમેન્ટ, એપેરલ અને મેડઅપ્સ, સ્ટીચીગ, એમ્બ્રોડરી તથા અન્ય વેલ્યુએડેડ એક્ટિવિટિ ધરાવતા એકમો કે જે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની પ્રર્વતમાન વ્હાઈટ કેટેગરી તથા ગ્રીન કેટેગરી અથવા તેને સમકક્ષ જીપીસીબીના પ્રવર્તમાન જોગવાઈ અને કેટેગરી ક્લાસીફીકેશન હેઠળ સમાવેશ થતા તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં સ્થાપિત એકમોને પણ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસ અંતર્ગત સહાય પાત્ર ગણવામાં આવશે.



મુખ્યમંત્રીએ મહિલા સશક્તિકરણના અભિગમને વધુ વ્યાપક બનાવવા માટે ટેક્સટાઈલ પોલિસીની કેટલીક જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. જેમાં નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન તથા નેશન અર્બન લાઈવલી હુડ મિશનમાં નોંધાયેલા કે અન્ય સ્વૈચ્છિક સ્વ સહાય જુથ જેમાં આજીવિકાના સમાન હેતુ થી જોડાયેલી મહિલાઓના એક અથવા એકથી વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત લાભ મળી શકશે.

રાજ્યની અર્થવ્યવસ્થા અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવતા કાપડ ઉદ્યોગની ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના દરેક સેગમેન્ટનું એનાલીસીઝ કરીને ગારમેન્ટ અને એપેરલ તથા ટેક્નિકલ ટેક્સટાઈલમાં વિશેષ ફોકસ કરવાનો વ્યુહ ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪માં મુખ્યમંત્રીએ અપનાવ્યો છે. મુખ્મંત્રી ભૂપેન્દ્ર પટેલ ના આ નિર્ણયથી રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદમાં આવેલા નોન પોલ્યુટીગ ટેક્ષટાઈલ એકમોને યોજનાનો બહોળો લાભ મળશે.

# કાપડના વેપારી સાથે ૧.૯૮ કરોડની છેતરપિંડી કરનારની સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ

સુરત,

ડાયમંડ અને ટેક્સટાઈલ સીટી તરીકે જાણીતા સુરતમાં કાપડનો ધંધો કરતા વેપારીઓ સાથે છેતરપિંડીની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. જોકે, સુરત ક્રાઈમ બ્રાન્ચે એક મોટી કાર્યવાહી કરતા કાપડ વેપારી પાસેથી કરોડો રૂપિયાનો માલ પડાવી લઈ ફરાર થઈ જનાર કુખ્યાત આરોપી અજય તોલાનીને ઝડપી પાડ્યો છે.

આ મામલે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી અજયે અત્યંત શાતિર રીતે છેતરપિંડીનું આખું આયોજન કર્યું હતું. તેણે અન્ય વ્યક્તિના નામે બોગસ પાનકાર્ડ બનાવ્યું હતું અને તેના આધારે જીએસટી નંબર મેળવીને પોતે મોટો વેપારી હોવાનો ડોળ કર્યો હતો. આ બોગસ દસ્તાવેજોના આધારે તેણે સારોલી વિસ્તારના એક કાપડ વેપારીનો વિશ્વાસ જીત્યો હતો.

આ કિસ્સામાં આરોપીએ વેપારી પાસેથી કુલ રૂપિયા ૧.૯૮ કરોડથી વધુની કિંમતનો કાપડનો જથ્થો



ઉધાર ખરીદ્યો હતો. વેપારીને પેમેન્ટ ચૂકવવાનો સમય આવ્યો ત્યારે આરોપી પોતાનો અડ્ડો બંધ કરી રાતોરાત ફરાર થઈ ગયો હતો. આ મામલે ભોગ બનનાર વેપારીએ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીને દબોચી લીધો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરીથી કાપડ બજારના વેપારીઓમાં રાહતની લાગણી જોવા મળી છે.

# આણંદના વટામણ-તારાપુર હાઈવે પર આવેલા ફતેપુરા બ્રિજ પર મોડી રાત્રે બે ટ્રક વચ્ચે અકસ્માત

આણંદ,

આણંદના વટામણ-તારાપુર હાઈવે પર મોડી રાત્રે ફતેપુરા બ્રિજ પર બે ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો જેમાં, બે ટ્રકો વચ્ચે થયેલી જોરદાર ટક્કર બાદ બંને વાહનોમાં ભયંકર આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં બંને ટ્રકો બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ અકસ્માત અંગે મીડિયા સુત્રો થકી મળતી માહિતી અનુસાર, ફતેપુરા બ્રિજ પર બે ટ્રકો સામસામે અથડાઈ હતી. એક ટ્રકમાં કોટન કપડાંનો જથ્થો ભરેલો હતો, જ્યારે બીજી ટ્રકમાં જ્વલનશીલ લિક્વિડ પદાર્થ હોવાનું જાણવા મળ્યું છે. લિક્વિડ અને કોટનના કારણે આગે પળવારમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે બંને ટ્રક ચાલકોને બચાવ કામગીરીની તક મળે તે પહેલા જ આખેઆખી ટ્રકો આગની લપેટમાં આવી ગઈ હતી.

અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મોડી રાત્રે લાગેલી આ આગને ઓલવવા માટે ફાયર ફાયટરોએ ભારે જહેમત ઉઠાવી હતી. કોટન અને લિક્વિડના કારણે આગ વારંવાર ભભકી ઉઠતી હતી, જેના પર કાબુ મેળવવા કલાકો સુધી પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. આગ પર મહદઅંશે કાબુ મેળવી લેવાયો છે, પરંતુ હજુ પણ સાવચેતીના ભાગરૂપે કૂલિંગ પ્રક્રિયા અને આગને સંપૂર્ણપણે ઓલવવાની કામગીરી ચાલુ છે.

વટામણ-તારાપુર હાઈવે પર ફતેપુરા બ્રિજ પર જ આ અકસ્માત સર્જાયો હોવાથી અને આગ વિકરાળ હોવાથી વટામણ-તારાપુર હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો.

# સ્વથી ઉપર ઊઠીને સર્વનો વિચાર કરનારા જ માનવજાતની સાચી સેવા કરે છે : મુખ્યમંત્રી

## આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં સન્માન સમારંભ યોજાયો : ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરાયા

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ધરતીરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા આ સન્માનનો સમારંભ અમદાવાદમાં સરદાર રાષ્ટ્રીય સ્મારક ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજના યુગમાં બધાની દોટ પૈસા અને સ્વાર્થ માટે છે ત્યારે સામેના દરેક વ્યક્તિમાં, દરેક જીવમાં શિવ જોઈને સેવા કરનારાઓનું સન્માન કરાયું છે ત્યારે આજનો કાર્યક્રમ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. સનાતન સંસ્કૃતિમાં સેવા પરમો ધર્મ કહેવાય છે, આ મંત્રને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમાજના અંતિમ પંક્તિમાં રહેલા લોકના કલ્યાણભાવ સાથે જનજનમાં વિસ્તાર્યો છે. આજે સન્માનિત સૌ પણ આ ભાવને સમર્પિત છે, એટલે અભિનંદનને પાત્ર છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વથી ઉપર ઊઠીને સર્વનો વિચાર કરનારા જ માનવજાતની સાચી સેવા કરે છે. સાચી સંપત્તિ પદ, પૈસો કે પ્રતિષ્ઠામાં નહીં, પરંતુ સામાજિક યોગદાનમાં રહે છે. નિ:સ્વાર્થ સેવા જ માનવ સભ્યતાની બુનિયાદ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

શિક્ષણ, આરોગ્ય અને જનજાગૃતિ માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશનની વિધ વિધ સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને આ સંસ્થાએ મહિલા આરોગ્ય અભિયાન સાથે જોડીને બ્રેસ્ટ કેન્સરની જાગૃતિ તથા નિદાન-તપાસ ક્ષેત્રે ઉમદા કામગીરી કરી છે. આ કદાચ એવી પહેલી સંસ્થા છે, જેણે ફિટનેસને દાન તરીકે સ્વીકારી છે. આ નવતર અભિગમ પ્રેરણારૂપ છે.

મુખ્યમંત્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે સરકાર કલ્યાણ યોજનાઓ બનાવે અને નીતિઓને અમલમાં મૂકે. આ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ અને છેવાડેના લોકો સુધી પહોંચે એ માટે સેવા સંસ્થાઓ પણ સરકાર સાથે ખભે ખભો મિલાવીને કામ કરે તો વધારે સફળતા મળી શકે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતે હંમેશાં સેવા, સંવેદના સાથે આપદ ધર્મ નિભાવવાની સહકાર પરંપરા જાળવી છે. ધરતીકંપ, કોરોના, પૂર, વાવાઝોડા... કોઈ પણ સંકટમાં ગુજરાત અને ગુજરાતીઓ હંમેશાં આપત્તિગ્રસ્તોની સેવા માટે ખડેપગે રહે છે.

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને યાદ કરીને મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું હતું કે સરકારની સાથે સાથે સંસ્થાઓ, સેવાવ્રતીઓ અને સમાજ સૌ સાથે મળીને સમરસ, સંવેદનશીલ અને સમૃદ્ધ ગુજરાત થકી સમૃદ્ધ-વિકસિત ભારત બનાવીએ.

આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રમુખ આર. એસ. પટેલે સ્વાગત પ્રવચન કરીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ઓડિશાના પૂર્વ ચીફ જસ્ટિસ અને એવોર્ડ પસંદગી સમિતિના અધ્યક્ષ જસ્ટિસ કલ્પેશભાઈ ઝવેરી તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના વડા તથા પસંદગી સમિતિના સભ્ય ભાગ્યેશભાઈ ઝાએ પ્રાસંગિત ઉદબોધન કરીને સન્માનિતોને શુભેચ્છા પાઠવી હતી.

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા અપાતા ધરતીરત્ન એવોર્ડની દસમી આવૃત્તિમાં ત્રણ સંસ્થાઓ અને નવ સેવાભાવી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાકીય એવોર્ડ ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, સેવા રૂરલ, ઝઘડિયા તથા વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલાને અપાયા હતા, જ્યારે સુબિંદિયા હેમંતકુમાર ભટ્ટ, સુઅમિતા અંબાલાલ પટેલ, સુરેશભાઈ લવજીભાઈ ઠક્કર, ઈશ્વરભાઈ ચંદુભાઈ પટેલ, ડૉ. ભૂપેશ ધીરજલાલ શાહ, ડૉ. અશ્વિન એ. શાહ, દિનેશ કાન્તિલાલ વ્યાસ, જયેશભાઈ બચુભાઈ રાવલ અને ડૉ. વ્યોમા શાહને વ્યક્તિગત સન્માન અપાયું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી કૌશિકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ શાહ, કે.એમ. પટેલ, કનુભાઈ દેત્રોજા સહિતના આશીર્વાદ ફાઉન્ડેશનના અગ્રણીઓ, સન્માનિત સંસ્થાઓના અગ્રણીઓ, સન્માનિત લોકોના પરિવારજનો તથા સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પોતાને FMCG ફ્રેન્ચાઈઝી કિંગ કહેનારા નીરવ મુકેશ શર્માનું ૨.૮૨ કરોડ નું કૌભાંડ

## નીરવ પોતે સફળ UPSC ઉમેદવારની ઓળખ આપી રોફ મારતો

ગાંધીનગર,

રાજ્યના પાટનગર એવા ગાંધીનગરમાં એક મોટી ઘટના બનવા પામી હતી જેમાં, એક મોટી કોર્પોરેટ કંપની જોડે અમદાવાદના એક વ્યક્તિ એ મોટી વાતો અને ખોટા કાગળિયાં બતાવી કૌભાંડ આચર્યો છે જે મામલે હાલ પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

રૂપિયા ૨.૮૨ કરોડના કૌભાંડની વાત કરીએ તો, ગાંધીનગરમાં આવેલ જીઆઈડીસી ખાતે બંકાઈ ઈનોવેશ્ન્સ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપની જોડે નીરવ મુકેશ શર્મા નામના વ્યક્તિ દ્વારા તેના સાથીઓ સાથે મળી પ્લાનિંગ કરીને કૌભાંડ કરવામાં આવ્યું છે તેવી ફરિયાદ ગાંધીનગર રેંજ સીઆઈડી ક્રાઈમ પોલીસ દ્વારા નોંધવામાં આવી છે.

અમદાવાદમાં રહેતા બંકાઈ ગ્રુપની કંપનીમાં નોકરી કરતા રીતેશ જે. ભટ્ટ દ્વારા પોલીસમાં આ મામલે ફરિયાદ નોંધાવામાં આવી છે. પોલીસ ફરિયાદ પ્રમાણે આરોપીઓના નામ - નીરવ મુકેશ શર્મા, નીરવ ના પત્ની, નીરવ ના માતા, અન્ય એક મહિલા, કુંતલ જે. શાહ, મનોજકુમાર પી. નોગીયાના અને વિપુલ કામદાર.

સૌથી મહત્વની વાત છે કે, નીરવ મુકેશ શર્મા દ્વારા પોતાની ઓળખ એક સફળ જીઝ ઉમેદવાર, લ્ક્સઝ્ય, ફ્રેન્ચાઈઝી કિંગ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પેટન્ટ ધરાવતા મોટા ગજાના સંશોધક તરીકે આપતો હતો. ફરીયાદી રીતેશ જે. ભટ્ટ અનુસાર ૨૦૨૨ ની સાલમાં નીરવ મુકેશ શર્મા દ્વારા બંકાઈ ગ્રુપના ચેરમેન બંકીમ બ્રહ્મભટ્ટને લ્ક્સઝ્ય સેક્ટરમાં રોકાણ કરી નવો, મોટો બીઝનેસ સેટઉપ કરવા માટે લલચાવી, વાયદાઓ કરી ખોટા સપના દેખાડ્યા હતા. તે પછી નવા બીઝનેસમાં રોકાણની વાત બાદ નીરવ શર્મા એ રૂ. ૧૨૦ કરોડનું રેવન્યુ પ્રોજેક્શન બતાવી કંપનીમાં ઓછામાં ઓછા ૩૦% (ત્રીસ ટકા) ના પ્રોફિટ ની ગેરેંટી આપી હતી જેના ભરોસે બંકાઈ ગ્રુપ દ્વારા નીરવ મુકેશ શર્મા જોડે એગ્રીમેન્ટ કરી ડીરેક્ટર નિયુક્ત કર્યા હતા.

# ગાંધીનગરમાં રહેતા નિવૃત IAS અધિકારીના પુત્રીનું કૂતરું કરડ્યા બાદ હડકવા ઉપડવાથી મોત

ગાંધીનગર,

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે રહેતા નિવૃત છજી અધિકારીના પરણિત પુત્રીનું કૂતરું કરડ્યા બાદ હડકવા ઉપડવાથી મોત થયું છે. મૃતક મહિલા ગાંધીનગરના જાણીતા શાળા પરિવાર સાથે જોડાયેલા હતા. શાળામાં જ ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડના 'બીગલ' બ્રીડના ડોગને રમાડી રહ્યા હતા તે દરિયામન તેણે બચકું ભર્યું હતું. ઘા સામાન્ય હોવાથી કોઈ સારવાર લેવામાં આવી ન હતી. જે બાદ ઘટનાના ચાર મહિના બાદ મહિલાને હડકવા ઉપડ્યો હતો. ૧૫-૧૭ દિવસની સારવાર બાદ મહિલાનું મોત થતાં શાળા અને



પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. લગભગ ચાર મહિના અગાઉ, જ્યારે શાળા સાથે જોડાયેલી મહિલા સિક્યુરિટી ગાર્ડના સ્ટાફ પાસે રહેલા 'બીગલ' બ્રીડના ડોગ પંપાળી રહી હતી. ત્યારે અચાનક જ તેને મહિલાને બચકું ભરી લીધું હતું. પણ પાલતુ ડોગ હોવાથી ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. જે બાદ ગત ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ 'બીગલ' બ્રીડના ડોગને પણ હડકવા ઉપડ્યો હતો અને તેનું પણ મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ શાળાના સંચાલકોએ પણ તમામ વાલીઓ અને સ્ટાફને મેસેજ કરી જાણ કરી હતી કે જો કોઈ વિદ્યાર્થી કે સ્ટાફનું કોઈ માણસ 'બીગલ' ડોગના સંપર્કમાં આવ્યું હોય તો તાત્કાલિક રસી મુકાવી દે, સ્કૂલ દ્વારા રેબીઝની રસી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઘટનાને ઘણા દિવસો વીતી ગયા હોવાથી મહિલાએ આ વાતને પણ ટાળી હતી.

પરંતુ ગત ડિસેમ્બર મહિનામાં મહિલાની તબિયત અચાનક લથડી હતી. જેથી ૩૧ ડિસેમ્બરના રોજ અમદાવાદના ભાટ નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરે રેબીઝના લક્ષણો જણાતા જરૂરી રિપોર્ટની તજવીજ હાથ ધરી હતી.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમ-૨૦૨૬માં સંબોધન કરવા દાવોસ- સ્વિટ્ઝર્લેન્ડ જશે

## 'વિકસિત ગુજરાત'નો રોડમેપ કરાશે રજૂ : ૫૮થી વધુ ગ્લોબલ દિગ્ગજો સાથે કરશે મેરેથોન બેઠકો

ગાંધીનગર,

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF) ૨૦૨૬માં ભાગ લેવા જશે. ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને 'વિકસિત ગુજરાત જ૨૦૪૭'ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ (૫૮) જેટલી હાઈ-લેવલ 'વન-ટુ-વન' બેઠકો યોજશે.



રાજ્યના ઉદ્યોગમંત્રી હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો અને રાજ્યના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે.

રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓ જેવી કે AP Moller Maersk, Engie, EDF, Johnson Controls, Sumitomo Group, Linde, SEALSQ y™u Tillman Global ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઉભરી આવે. આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત, વૈશ્વિક નીતિવિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે.

હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનું વિઝન રજૂ કરશે. તેઓ 'નવી ભૌગોલિક-આર્થિક વ્યવસ્થામાં ભારત', 'સ્પોર્ટ્સની શક્તિ: ભવ્યતાથી વારસા તરફ', 'કોલ ટુ ક્લીન ઈનિશિયેટિવ' અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, 'મિશન વોટર' દ્વારા જળ સુરક્ષા અને 'સસ્ટેનેબિલિટી' જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મૂકશે. આ સત્રો દ્વારા ગુજરાત પોતાની વિકાસગાથાને વૈશ્વિક ફલક પર ઉજાગર કરશે. 'ગુજરાત - રેડી ફોર ધ વર્લ્ડ, વ્હેર વિઝન મીટ્સ એક્શન' ના સ્પષ્ટ સંદેશ સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

# અમદાવાદમાં વૈષ્ણોદેવી બ્રિજ પાસે ઓવર સ્પીડમાં આવતી ફોર્ચ્યુનર એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ

અમદાવાદ,

અમદાવાદના સૌથી વ્યસ્ત માર્ગ એવા સરખેજ ગાંધીનગર હાઈવે પર આજે રવિવારના રોજ સવારે, એસટી બસ અને કાર વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં કાર ચાલકનું મોત થયું છે. જ્યારે તેની સાથે સવાર યુવતીને સારવાર માટે દાખલ કરવામાં આવી છે. અકસ્માતના સીસી ટીવી સામે આવ્યા છે. પોલીસે સીસી ટીવી ચેક કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના એસ જી હાઈવે પર વૈષ્ણોદેવી બ્રિજ ઉપર આજે ગાંધીનગર તરફ ઝડપથી જઈ રહેલ ફોરચ્યુનર કાર, સામેથી આવી રહેલ એસટી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કાર ચાલકનું મોત થયું છે. જ્યારે તેની સાથે કારમાં સવાર અન્ય યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

ગમખ્વાર અકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ખૂબ ઝડપથી ગાંધીનગર તરફ જઈ રહેલ ફોરચ્યુનર કારનો ચાલક, કોઈ કારણોસર કાર પરનો કાબૂ ગુમાવે છે. ફોરચ્યુનર કાર બ્રિજના સામેની તરફ હિંમતનગરથી રાજકોટ તરફ જઈ રહેલ એસ ટી બસ સાથે ધડાકાભેર અથડાય છે. ખૂબ જ ઝડપથી ધડાકાભેર અથડાવવાને કારણે એસટી બસ ચાલક પણ એસટી બસ પરનો કાબુ ગુમાવે છે અને બસ પણ સામેની તરફના રોડ પર ચડી જાય છે.

એસ જી હાઈવેના વ્યસ્ત વૈષ્ણોદેવી બ્રિજ પર સર્જાયેલ ગમખ્વાર અકસ્માતને લઈને એસજી હાઈવ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતા ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોચીને, એસટી બસ અને ફોરચ્યુનર કારને ક્રેઈનની મદદથી રોડ પરથી હટાવીને ટ્રાફિકને રાબેતા મુજબ કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ અકસ્માતમાં ભાજપના નેતા આઈ. બી. વાઘેલાના ૨૪ વર્ષીય પુત્ર ધવલનું મોત નિપજ્યું હતું. જ્યારે કારમાં સવાર ૨૧ વર્ષીય યુવતી દેવાંશી યોગેશ પંડ્યા ગંભીર ઈજા થતા હોસ્પિટલ ખસેડાઈ હતી. આ ઉપરાંત અકસ્માતમાં અફસાનાબાનુ ખલીફા અને રસુલ આજમને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે.

# રંગમતી નદી પુનરોદ્ધાર પ્રોજેક્ટને દાઉદી વ્હોરા સમાજનું સમર્થન





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સદીઓથી જામનગર દાઉદી વોહરા સમાજ અને તેના નેતૃત્વ માટે પૂર્વજોનું ઘર રહ્યું છે, જેમણે વેપાર, શિક્ષણ અને સામાજિક કલ્યાણ દ્વારા શહેરની પ્રગતિમાં મહત્વનું યોગદાન આપ્યું છે. શહેર સાથેના આ લાંબા સમયના સંબંધોમાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, સમાજે રંગમતી નદી પુનરોદ્ધાર પ્રોજેક્ટમાં સહયોગ આપવા માટે જામનગર મહાનગરપાલિકા સાથે ભાગીદારી કરી છે. આ પહેલ સમાજ માટે ખાસ મહત્વ ધરાવે છે કારણ કે આ પ્રોજેક્ટ તેમના કોમ્યુનિટી સેન્ટર અને ઐતિહાસિક 'વોહરા હજીરા' (મકબરો) ની નજીક ચાલી રહ્યો છે, જે તેમના વારસા સાથે ઊંડો સંબંધ ધરાવે છે.

આ ભાગીદારીના પ્રારંભ રૂપે, સ્થાનિક સમાજના સભ્યો દ્વારા જામનગર મ્યુનિસિપલ કમિશનર દિનેશ મોદીના નેતૃત્વમાં રંગમતી નદી ખાતે સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, સફાઇ બાદ એક ઔપચારિક સમારોહ યોજાયો હતો, જેમાં દાઉદી વોહરા સમાજ દ્વારા પ્રોજેક્ટના પુનરોદ્ધારના લક્ષ્યો માટે મહત્વનું યોગદાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કમિશનર દિનેશ મોદી અને આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વણવા દ્વારા બોહરા સમાજના સેન્ટર ની મુલાકાત લીધી હતી અને લાંબા ગાળાના સહકાર તેમજ શહેરના પર્યાવરણીય સ્વાસ્થ્યને જાળવવાની સહિયારી જવાબદારી વિશે ચર્ચા કરી હતી.

રંગમતી નદી જામનગર માટે એક મહત્વપૂર્ણ ઈકોલોજીકલ અને સાંસ્કૃતિક જીવાદોરી સમાન છે, પરંતુ શહેરી વિકાસને કારણે તે પર્યાવરણીય દબાણ હેઠળ છે. જામનગર મહાનગરપાલિકાની તબક્કાવાર પુનરોદ્ધાર યોજનાનો ઉદ્દેશ્ય જૈવવિવિધતાને પુનઃસ્થાપિત કરવાનો, પૂર સામેની સ્થિતિસ્થાપક્તા વધારવાનો અને વાઈબ્રન્ટ જાહેર સ્થળો બનાવવાનો છે. સમાજનું સમર્થન ખાસ કરીને બોહરા હજીરા નજીકના અપગ્રેડેશન પર કેન્દ્રિત છે, જેમાં રિટેનિંગ વોલ (રક્ષણાત્મક દીવાલ) નું નિર્માણ, નદીના પટનું ચેનલાઈઝેશન અને સુવ્યવસ્થિત લેન્ડસ્કેપિંગનો સમાવેશ થાય છે. જામનગર મહાનગરપાલિકાના સિટી એન્જિનિયર ભાવેશભાઇ જાની આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''આ અમૂલ્ય સહયોગ નદીના ઈકોલોજીકલ સંતુલન અને સાંસ્કૃતિક મહત્વને પુનઃસ્થાપિત કરવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. અમે જામનગરમાં વસતા વિવિધ સમુદાયો સાથે ખભેખભો મિલાવીને કામ કરવા માટે ઉત્સુક છીએ, જેથી વર્તમાન અને ભાવિ પેઢીના લાભ માટે પ્રોજેક્ટના સફળ અને ટકાઉ અમલીકરણની ખાતરી કરી શકાય." આ પહેલ દાઉદી વોહરા સમાજની વૈશ્વિક પરોપકારી સંસ્થા 'પ્રોજેક્ટ રાઇઝ' સાથે સુસંગત છે, જે જળ સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને સામુદાયિક સુખાકારી માટે વિવિધ પ્રદેશોમાં કાર્ય કરે છે. આ અભિગમ સ્થાનિક સત્તાધિકારીઓ સાથેના સહયોગ, જાહેર નીતિની પ્રાથમિકતાઓ સાથે સુમેળ અને લાંબા ગાળાની અસર ધરાવતા ઉકેલો પર ભાર મૂકે છે.

જામનગર દાઉદી વોહરા સમાજના એક વરિક સભ્યએ જણાવ્યું હતું કે, ''પરમ પાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે હંમેશા અમને જે શહેરમાં આપણે રહીએ છીએ ત્યાં રચનાત્મક યોગદાન આપવા માટે માર્ગદર્શન આપ્યું છે. રંગમતી નદીના પુનરોદ્ધારમાં સહયોગ એ જામનગર પ્રત્યેની અને આવનારી પેઢીઓ પ્રત્યેની અમારી જવાબદારી દર્શાવે છે. જેઓ તેમના પર્યાવરણ, સ્વાસ્થ્ય અને જીવનની ગુણવત્તા માટે આ નદી પર નિર્ભર છે."

## જામનગરમાં સફાઈ કામદારનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક સફાઈ કામદરે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં શંકર ટેકરી વલ્લભનગર શેરી નંબર -૨ માં રહેતા મોહનભાઈ ગોવિંદભાઈ રાઠોડ નામના ૫૫ વર્ષના સફાઈ કામદારે ગઈકાલે રાત્રે પોતાના ઘેર લોખંડના પાઇપ માં દોરી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાઈ છે.

આ બનાવ અંગે મૃતકની પત્ની ગૌરીબેન મોહનભાઈ રાઠોડએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એએસઆઇ ટી. કે. ચાવડા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને સફાઈ કામદારના મૃતદેહનો કબ્જો સંભાળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયાના આંબાવાડી ગામે હૃદયરોગના હુમલાથી પ્રૌઢનું મોત

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના આંબાવાડી ખાતે રહેતા એક પ્રૌઢનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતુ આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અત્રેના આંબાવાડી, ધરમપુર ખાતે રહેતા નાનજીભાઈ પ્રેમજીભાઈ કણઝારીયા નામના પ્રૌઢને છાતીમાં દુઃખાવો ઉપડતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર કારગત નહી નીવડતા હૃદયરોગનો હુમલો પ્રાણઘાતક નીવડ્યો હતો આ બનાવની મૃતકના પુત્ર જતીનભાઈએ ખંભાળિયા પોલીસમા જાણ કરતા એ. એસ. આઈ. એસ. ડી. સુવા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## દ્વારકાના જગત મંદિર જવાના રસ્તે ગટરના ગંદા પાણી ઉભરાતા ભવિકોમાં રોષ

### ૫૬ સીડી, ગોમતી રોડ, જોધાભા ચોક સહિતના વિસ્તારમાં કાયમી સમસ્યા, તંત્રનું મૌન




દ્વારકા : યાત્રાધામ દ્વારકાના મુખ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભ ગટરના પાણી ઉભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને ૫૬ સીડી રોડ, ગોમતી રોડ અને જોધાભા ચોક હોમગાર્ડ ચોક ભદ્રકાલી ચોક જેવા વિસ્તારોમાં અવાર નવાર ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી વળે છે.

આ વિસ્તાર દ્વારકાધીશ મંદિર તરફ જવાનો મુખ્ય માર્ગ હોવાથી અહીં હજારોની સંખ્યામાં યાત્રિકો અવર જવર કરે છે. અત્યંત ખેદજનક બાબત એ છે કે, દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓને ના છૂટકે ગટરના આ ગંદા પાણીમાં પગ મૂકીને મંદિરે જવું પડે છે. જેના કારણે મંદિરની પવિત્રતા જળવાતી નથી અને ભગવાનના દર્શને જતા ભક્તોની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે. પવિત્ર મન અને શરીરે દર્શન કરવા જતા ભાવિકો માટે આ ગંદકીમાંથી પસાર થવું ખૂબ જ પીડાજનક બની ગયું છે.

આ ઉપરાંત, ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. અને મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકો અને વેપારીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર નિદ્રાધીન છે. આથી, સ્થાનિક રહીશો અને શ્રદ્ધાળુઓની માંગ છે કે નગરપાલિકા તંત્ર યાત્રાધામની ગરિમા જાળવવા તાત્કાલિક ધોરણે આ ગટર ઉભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે? તેવી માંગ ઉઠી છે.

## જામનગરની જિલ્લા જેલમાં કેન્સરની બીમારીથી કેદીનું મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળમાં રહેતા અને હત્યા કેસમાં જેલવાસ ભોગવી રહેલા કેદીને મોઢાનું કેન્સર થઈ જતાં તેને સારવાર માટે જેલમાંથી રજા અપાઇ હતી, અને પોતાને ઘેર લઈ જવાયા બાદ તેનું ગઈકાલે મૃત્યુ નીપજયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધ્રોલમાં ચામુંડા પ્લોટ માં રહેતા મુન્નાભાઈ ભીખાભાઈ સોલંકી નામના ૪૦ વર્ષના દેવીપુજક શખ્સને હત્યા અંગેના કેસમાં જામનગરની જિલ્લા જેલમાં રાખવામાં આવ્યો હતો. જે દરમિયાન તેને મોઢાનું કેન્સર થઈ જતાં તેની સારવાર ચાલી રહી હતી, અને કેન્સર અંતિમ સ્ટેજમાં હોવાથી તેને જેલમાંથી રજા આપીને ઘરે મોકલવામાં આવ્યો હતો. જે દરમિયાન તેના મોઢામાં કેન્સરની ગાંઠ ફૂટી જતાં ખોરાક લઈ શકે તેમ ન હોવાથી તેનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ નારણભાઈ ભીખાભાઈ સોલંકીએ પોલીસને જાણ કરતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.ડી. ગોગરાએ મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી દ્વારકાપુરી મંદિરે આજે કુનવારા મનોરથનું આયોજન

જામનગર : 'છોટીકાશી' જામનગરમાં ખંભાળીયા ગેઇટ બહાર કિસાન ચોક નજીક આવેલ તથા શ્રી મોટી હવેલી સંચાલિત શ્રી દ્વારકાપુરી મંદિરે ગત જાન્યુઆરી મહિનામાં યોજાયેલ છપ્પન ભોગ મહોત્સવને એક વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રૂપે તા. ૧૯/૧ ને સોમવારે સાંજે ૫ થી ૮ દરમ્યાન કુનવારા મનોરથનું આયોજન કરવામાં આવ્યુ છે. સર્વે વૈષ્ણવોને દર્શનનો લાભ લેવા મુખ્યાજી રમેશભાઈ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાં ફૂડ શાખાએ ૫૦ સ્થળોએથી નમુના લીધા




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ગત સપ્તાહ દરમિયાન મકરસંક્રાંતિ સહિતના પર્વને અનુલક્ષીને ચેકિંગની કાર્યવાહી ધરવામાં આવી હતી, અને શહેરની જુદી જુદી દુકાનો તથા ખાદ્ય પદાર્થનું વેચાણ કરતા ૪૦ જેટલા એકમોમાં ચેકિંગ હાથ ધરાયું હતું અને ફૂડના સેમ્પલો લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ઉપરાંત શહેરમાં પીવાના પાણીનો વેપાર કરતા ૨૦ જેટલા વિતરકોને ત્યાં પણ ચેકિંગ હાથ ધરી પાણીના નમુના લઈને પૃથકરણ માટે લેબોરેટરીમાં મોકલાવ્યા છે.

મકરસંક્રાંતિના તહેવારને અનુલક્ષીને રાજ્ય સરકારની ડ્રાઈવ અંતર્ગત તથા જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર ડી.એન. મોદીની સુચના અને માર્ગદર્શન હેઠળ શહેરના અલગ અલગ વિસ્તારમાં માંથી જેમ કે, પોલીશ ચોકી, સુભાષ માર્કેટ, લંઘાવાડનો ઢાંળિયો, રણજીત રોડ, ગ્રેઇન માર્કેટ, જુના રેલ્વે સ્ટેશન રોડ, ૫ દિગ્વિજય પ્લોટ, હવાઈ ચોક, ૧૫ દિગ્વિજય પ્લોટ ,વિકાસગૃહ રોડ, જી.જી.હોસ્પિટલ સામે વગેરે વિસ્તાર માંથી ચીકકી(૧૨)+તલ, રાજગરા ના લાડુ (૬)+દેશી ગોળ (૪)+ફાફળા (૬)+જલેબી (૩)+ઓઈલ (૩)+બેસન (૪), (૪)+ઊંધિયું સહિત ખાદ્ય પદાર્થના કુલ ૪૦ નમુના લઈ પરીક્ષણ અર્થે ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા ખાતે મોકલવામાં આવ્યા.

સંભવિત રોગચાળા અનુલક્ષીને શહેરના રોગચાળા શંકાસ્પદ વિસ્તાર માં સપ્લાય થતા લુઝ ડ્રી-કીગ વોટર, બરફ ની આઈસ ફેક્ટરી વગેરે જગ્યા એથી ૨૦ લુઝ ડ્રીન્કીગ વોટર જેટલા પાણી ના નમુના લઈ પબ્લિક હેલ્થ લેબોરેટરી ઢીચડા ખાતે બેક્ટેરીયોલોજીકલ તપાસ અર્થે મોકલવામાં આવેલ છે.

આ ઉપરાંત તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ નાગનાથ ગેઇટ વિસ્તારમાં આવેલ હઝરત પીર હાજીશાહ ડાડાની જગ્યા એ યોજાનાર ઉર્ષ ના મેળામાં ન્યાઝના કાર્યક્રમમાં મીઠા ભાતનું ચેકિંગ કામગીરી કરી જરૂરી હાઈજેનિક કંડીશન જાળવવા અંગેની જરૂરી સૂચના આપી ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

## ભરાણા ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા : બે ફરાર

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ભરાણા ગામમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી જુગારની મોજ માણતા પાંચ શખ્સને ઝડપી લીધા હતા જ્યારે દરોડા દરમિયાન બે ભાગી જતા તેઓની શોધખોળ હાથ ધરી તમામ સામે જુગારધારા હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે સીમ વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા વિજેન્દ્રસિંહ દિગુભા જાડેજા, સુરેન્દ્રસિંહ બાલુભા ચૌહાણ, મહેશભાઈ પ્રતાપભાઈ જોશી, મહેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજા અને અકબર હુસેન ચમડિયા નામના પાંચ શખ્સને વાડીનાર મરીન પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂપિયા ૧૨૬૫૦ ની રોકડ રકમ કબ્જે લઈ તમામ સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

## ભાણવડમાં યુવાન ઉપર બે હુમલોએ કરી મારી નાખવાની ધમકી

ખંભાળિયા : ભાણવડ શહેરમાં આવેલ એક દુકાનની બહાર યુવાન સાથે ઝગડો કરી બે શખ્સે મારકૂટ અને હુમલો કરતા શરીરે જુદા જુદા ભાગે ઈજા પહોંચાડવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે જે બનાવ અંગે સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડમાં નગરપાલિકા સામે રહેતો રહીમ સમસુદ્દીનભાઈ ભાણવડિયા નામનો યુવાન વેરાડ નાકા પાસે આવેલ ફેન્સી ફૂડ નામની નોનવેજની દુકાને તેના મિત્ર ઈમરાન રાઠોડ સાથે જમવા ગયો હતો દરમિયાન ઈમરાન સાથે કોઈ કારણસર દિલીપ ઉર્ફે ડાકુ વાઘેલા અને જયદીપ વાઘેલા નામના શખ્સે બોલાચાલી કરી ગાળો કાઢતા અને તેની ના પાડતા ઉશ્કેરાયેલા બન્ને શખ્સે રહીમ ભાણવડિયાને દુકાનની બહાર લઈ જઈ ઢીકાપાટુ વડે મારકૂટ કરી ઉપરાંત દુકાનમાં પડેલ ગેસના લાઈટર વડે હુમલો કરી તેને આંખ અને કપાળના તેમજ માથાના પાછળના ભાગે લોહી નીકળ્યાની ઈજા પહોંચાડી હતી ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપતા બન્ને સામે રહીમ દ્વારા ભાણવડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાતા જિલ્લા ભાજપ દ્વારા ઉજવણી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : મહારાષ્ટ્રમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે. આથી સમગ્ર દેશમાં ભાજપમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. આ જીતની ઉજવણી જામનગર જિલ્લા ભાજપ દ્વારા ગઈકાલે અટલ ભવન પાસે કરવામાં આવી હતી, જેમાં એકબીજાના મોઢા મીઠા કરાવી ફટાકડા ફોડવામાં આવ્યા હતં. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ ડો. વિનોદભાઈ ભંડેરી, ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા, મહામંત્રી દિલીપભાઈ ભોજાણી અને અભિષેક પટવા, 'જાડા'ના પૂર્વ ચેરમેન દિલીપસિંહ ચુડાસમા, મહિલા મોરચાના પ્રમુખ કાજલબેન સંઘાણી, માર્કેટ યાર્ડના ચેરમેન મુકેશભાઈ સભાયા સહિતના આગેવાનો-કાર્યતાઓ જોડાયા હતાં. તેમ મીડિયા સેલના કન્વીનર નરેન્દ્રસિંહ પરમારએ જણાવ્યું છે.

## જામનગરમાં પોલીસના કોમ્બનિંગમાં વાહન ચાલકો સામે કાર્યવાહી

### ૮ બાઈક ડિટેઈન, ૧૫ હજારના દંડની વસુલાત, રોમિયોગીરી કરનાર સામે લાલ આંખ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર-જીલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને ગુનાખોરી અટકે તે અનુસંધાને "કોમ્બનિંગ નાઈટ" દરમ્યાન પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા રવિવારે મોડી સાંજે યોજેલી ડ્રાઈવમાં નંબર પ્લેટ વગરના વાહનો, કારની બારીઓમાં અપારદર્શક ફિલ્મો લગાડનારા, ફેન્સી નંબર પ્લેટ લગાવેલા, ડ્રીક એન્ડ ડ્રાઇવ તેમજ વાહનોમાં ધોકા જેવા હથિયારો સાથે નીકળેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ "કોમ્બનિંગ નાઈટ" દરમ્યાન સમગ્ર જીલ્લા તેમજ શહેરના વિવિધ વિસ્તારો તેમજ શહેરના પ્રવેશદ્વાર જેવા રોડ ઉપર કડક ચેકીંગ ડ્રાઇવ યોજવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ એન.એ.ચાવડા, પીએસઆઇ એલ.બી.જાડેજા, પીએસઆઇ એમ.કે.બ્લોચ સહિત સર્વેલન્સ ટીમ દ્વારા પવનચક્કી સર્કલ ખાતે ટ્રાફિક નિયમો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ ૮ થી વધુ બાઇક ડીટેઇન કરાયા હતાં અને સંખ્યાબંધ લોકો પાસેથી કુલ રૂા.૧૫,૩૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી નિમયોનો ભંગ કરનારાઓ વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. "કોમ્બનિંગ નાઈટ" દરમ્યાન પોલીસે દુકાનોએ કે, જાહેર સ્થળોએ વાહનો સાઇડમાં પાર્ક કરીને જમાવડો કરીને બેસનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અમુક લોકો તો પોલીસને જોઇને ભાંગ્યા હતાં.


## ઓફલાઈન ટેન્ડર જાહેર નિવિદા

### ધી જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંક લી. જામનગર

જાહેર નિવિદા નં. એ.ડી.એમ./૬૭/૨૬૬૯/૨૦૨૫-૨૬. તા.૧૭/૦૧/૨૦૨૬

ધી જામનગર ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી.- જામનગર, સહકાર ભવન, રણજીત રોડ જામનગર પીન કોડ - ૩૬૧૦૦૧, મો. ૭૯૮૪૭૮૭૯૦૧ દ્વારા નીચેના કામના ટેન્ડરો માંગેલ છે.

| અનુક્રમ નં. | કામનું નામ | ટેન્ડર રકમ રૂા. | ઈજારદારનો વર્ગ |
|---|---|---|---|
| ૧. | કન્સ્ટ્રકશન ઓફ બેંક બિલ્ડીંગ એટ મોડપર (પ્રથમ માળે) | ૧૧,૨૯,૪૨૮.૩૨ | ઈ-૨ - વર્ગ તથા ઉપરના |
| ૨. | કન્સ્ટ્રકશન ઓફ બેંક બિલ્ડીંગ એટ બાલંભા (પ્રથમ માળે) | ૯,૩૮,૯૬૭.૮૨ | ઈ-૨ - વર્ગ તથા ઉપરના |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૦/૦૧/૨૦૨૬ થી ૨૭/૦૧/૨૦૨૬ સુધી ઇસ્યુ કરવામાં આવશે તેમજ ભરેલા ટેન્ડર ફક્ત રજીસ્ટર પોસ્ટથી તારીખઃ૦૩.૦૨.૨૦૨૬ (ઓફીસ કલાક) સુધી સ્વીકારવામાં આવશે.

તેમજ માહિતી માટે કન્સલ્ટ એન્જીનીયર શ્રી રમેશગીરી વી. ગોસ્વામી (મો.૯૪૨૬૯૮૧૩૦૦) નો સંપર્ક કરવો. ટેન્ડર મંજુર કે ના મંજુર કરવાના તમામ હક્ક ધી જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી. જામનગર ને આબાધિત રહેશે.

જીતેન્દ્રભાઈ લાલ (ચેરમેન) | બલદેવસિંહ જાડેજા (વાઈસ ચેરમેન) | ધરમશીભાઈ ચનીયારા (મેનેજીંગ ડાયરેક્ટર) | ડો. મૌનિલ હાથી (Officiating C.E.O.)

ધી જામનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંક લી. જામનગર


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ગુજરાત વિધાનસભા : લોકશાહીની મજબૂત આધારશિલા

ગુજરાત વિધાનસભાનો ઇતિહાસ રાજ્યના લોકશાહી વિકાસ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. મુંબઈ રાજ્યમાંથી અલગ થઈને ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની રચના થઈ અને તે જ દિવસે ગુજરાત વિધાનસભાનું સત્તાવાર રીતે અસ્તિત્વ આવ્યું. નવી રાજ્ય રચનાના સાથે જ જનતાના પ્રતિનિધિત્વ માટે વિધાનસભાની સ્થાપના કરવામાં આવી, જે રાજ્યના કાયદા બનાવવાની અને સરકાર પર નિયંત્રણ રાખવાની મુખ્ય સંસ્થા બની. શરૂઆતમાં વિધાનસભાની બેઠક અમદાવાદમાં યોજાતી હતી, પરંતુ બાદમાં ગાંધીનગરને રાજ્યની રાજધાની બનાવવામાં આવી અને ત્યાં ગુજરાત વિધાનસભાનું ભવ્ય ભવન નિર્માણ પામ્યું.વિધાનસભાની ભૂમિકા માત્ર કાયદા બનાવવાની નથી, પરંતુ રાજ્યના વિકાસ, નીતિ-નિર્ધારણ અને જનહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાની પણ છે. સમય જતાં ગુજરાત વિધાનસભાએ શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ, પાણી વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને સામાજિક ન્યાય જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ કાયદાઓ પસાર કર્યા છે. લોકશાહી પરંપરાઓને જાળવી રાખતા, વિધાનસભા રાજ્યના રાજકીય વિચારવિમર્શનું કેન્દ્ર રહી છે.ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકે શ્રી જીતુભાઈ પટેલે નહીં પરંતુ શ્રી જીવરાજ મહેતા એ રાજ્યને દિશા આપી હતી. તેમણે નવી રચાયેલી રાજ્યવ્યવસ્થાને મજબૂત પાયો આપ્યો અને વહીવટી માળખું ઊભું કર્યું. તેમના પછી અનેક મુખ્યમંત્રીઓએ પોતાની શૈલી અને દૃષ્ટિ સાથે રાજ્યના વિકાસમાં યોગદાન આપ્યું. આજના સમયમાં શ્રી ભુપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી તરીકે કાર્યરત છે. તેઓએ ૨૦૨૧માં મુખ્યમંત્રી પદ સંભાળ્યું અને વહીવટમાં સરળતા, વિકાસલક્ષી યોજનાઓ અને નાગરિક કેન્દ્રિત નીતિઓ પર ભાર મૂક્યો છે.વિધાનસભાની કામગીરીમાં બજેટ સત્રનું વિશેષ મહત્વ છે. દર વર્ષે સરકાર દ્વારા રજૂ થતું બજેટ રાજ્યની આર્થિક દિશા નક્કી કરે છે. ગુજરાત વિધાનસભામાં અત્યાર સુધી અનેક બજેટ સત્રો યોજાઈ ચૂક્યા છે, જેમાં રાજ્યની આવક-ખર્ચની યોજના પર ચર્ચા કરીને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રક્રિયા લોકશાહીના પારદર્શક સ્વરૂપને દર્શાવે છે, જ્યાં જનતાના પૈસાનો ઉપયોગ કેવી રીતે થવાનો છે તેની ચર્ચા ખુલ્લેઆમ થાય છે.ગુજરાતના ઇતિહાસમાં બજેટનું કદ સતત વધતું ગયું છે. પ્રારંભિક વર્ષોમાં બજેટની રકમ સીમિત હતી, પરંતુ ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને વિકાસ યોજનાઓના વિસ્તરણ સાથે બજેટનો આકાર પણ વિશાળ બન્યો. છેલ્લા લગભગ પચાસ વર્ષોમાં સૌથી મોટી રકમનું બજેટ તાજેતરના વર્ષોમાં રજૂ થયું હોવાનું સામાન્ય રીતે પ્રસિદ્ધ થતું આવ્યું છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માર્ગ અને પરિવહન, આરોગ્ય, શિક્ષણ, પાણી પુરવઠા અને સામાજિક સુરક્ષા માટે મોટી જોગવાઈઓ કરવામાં આવી છે. આ મોટાં બજેટો ગુજરાતની આર્થિક ક્ષમતા અને વિકાસની ગતિને પ્રતિબિંબિત કરે છે.વિધાનસભાના સત્રો દરમિયાન ઉઠતા પ્રશ્નો અને ચર્ચાઓ રાજ્યની જનજીવન સાથે સીધા જોડાયેલા હોય છે. ખેડૂતોના પ્રશ્નો, યુવાનોની રોજગારની તકો, ઉદ્યોગોને પ્રોત્સાહન, મહિલાઓ અને નબળા વર્ગોના સશક્તિકરણ જેવા વિષયો પર સતત ચર્ચા થતી રહી છે. આ ચર્ચાઓ માત્ર કાગળ પર નહીં પરંતુ નીતિ અને અમલમાં રૂપાંતરિત થાય તે જ વિધાનસભાની સાચી સિદ્ધિ ગણાય.ગુજરાત વિધાનસભાની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે અહીં વિપક્ષ અને સત્તાપક્ષ વચ્ચે મજબૂત ચર્ચાની પરંપરા રહી છે. લોકશાહી વ્યવસ્થામાં આ વિવાદ અને સંવાદ બંને જરૂરી છે.

# વિદ્યાર્થીઓનું જીવન અગત્યનું છે, પરીક્ષા નહીં

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

બોર્ડની પરીક્ષાઓ નજીક આવતી જાય, તેમ તેમ ધોરણ - ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓ ઉપર દબાણ વધતું જાય છે. આજથી ૨૮-૩૦ વર્ષ પહેલાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ વેઠનાર મા-બાપને તાજેતરનાં ગણિત - વિજ્ઞાનમાં ઝાઝી સમજ પડતી નથી અને અંગ્રેજી માધ્યમનાં શિક્ષણથી તેઓ અળગાં રહ્યાં હોવાથી છેવટે પોતાનું બાળક સતત ભણ ભણ કરે તે માટે જમાદારી કરતા રહે.

પરીક્ષાના દિવસોમાં ઘરમાં ટી. વી. બંધ રહે છે. વિદ્યાર્થીઓનો મોબાઈલ લઈ લેવામાં આવે છે. ભાઈબંધ - દોસ્તાર સાથે માત્ર ભણવાની વાતો સિવાય અવર જવર બંધ કરી દેવામાં આવે છે. ઘરમાં ફરસાણ, આઈસ્ક્રીમ જેવું આનંદી ખાણું તબિયતના નામે બંધ કરવામાં આવે છે. બીજી તરફ અભ્યાસક્રમ પૂરો થઈ જતાં, દીકરા - દીકરીઓને શાળામાં તો જવાનું હોતું નથી, પણ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની પરસ્પરની સરખામણી, નબળાં વિદ્યાર્થીઓનું સતત અપમાન, બોર્ડના પેપરનો ભય, પ્રિલિમ અને એન્યુઅલમાં મળતા માર્કસના તફાવતો – જેવા ખોફ બાળકમાં ધરબી દેવામાં આવે ??.

પરીક્ષાના દિવસે વિધ્યાર્થી એ છેલ્લે શું વાંચવું, કઈ પેનથી લખવું, દહીં સાથે ગોળ ખાવો કે ખાંડ, પરીક્ષાનાં પેપર મળતા કેટલા ઊંડા શ્વાસ લેવા સદગુરુનું હાથ જોડી સ્મરણ કરવું. તેમશું- શું કરવું ને શું નહીં, તે બોજરૂપે બાળકનાં માથે ખડકી દેવામાં આવે છે.

પરિણામે પરીક્ષા હોલ સુધી પહોંચતા - પહોંચતા બાળક પોતાને હતાશા, નિરાશા અને નિષ્ફળતાનું પ્રતીક માની બેસે છે. દર વરસે જોવા મળે છે તેમ ૫૦%થી વધુ વિદ્યાર્થીઓ સારી આવડત છતાં પરીક્ષા કેન્દ્ર ઉપર સ્વસ્થ રહી શકતા નથી અને કેટલાક તો પોતાની જાતને મોતને હવાલે ધરી દે છે.

મનોવિજ્ઞાન તો કહે છે કે 'પરીક્ષાનાં ભયથી મૃત્યુ વ્હોરી લેતા વિદ્યાથીઓ તેના મા-બાપ અને શિક્ષકોની અપેક્ષાઓની જ વરવી બાજુ છે.' પરીક્ષાનાં ભયથી મૃત્યુ પામતું ભવિષ્ય ચિંતાજનક છે. જોકે ત્રણ કલાકમાં વરસ વરસની મહેનતને ઓકી નાખવાની રીત ઉપર આમ નાગરિકો વ્યથિત છે, ક્રોધિત છે. પરંતુ થોડા દિવસ છાપાઓ, સામાયિકો દ્વારા બૌદ્ધિકો વેદના ઠાલવે છે અને ત્યાં તો ફરી બીજી પરીક્ષા માટે વિધ્યાર્થીને તૈયાર કરવાનો સમય આવી પહોંચે છે.

પ્રવર્તમાન શિક્ષણ મર્યાદાઓ અને વધતી જતી સામાજિક અપેક્ષાઓ વચ્ચે પીસાતા વિદ્યાર્થીઓને આખું વર્ષ શું હોવું જોઈએ તેનાં દશ્યો દેખાડવાના બદલે હવે માં-બાપ અને શિક્ષકોએ ઉપનિષદ કહે છે તેમ ધર્મ સાધનનાં માધ્યમ તરીકે બાળશરીરને જે – તે સ્થિતિમાં સ્વીકારવું જોઈએ.

વાલીઓ સમજે કે જે પગ બાળકને શાળાએ લઈ જાય છે, જે હાથ અને આંખ વિદ્યાર્થીને શિક્ષણ પ્રક્રિયા સાથે જોડે છે, તે અંગો કંઈ પરીક્ષા આપતા નથી. સવાલોનાં જવાબ તો મસ્તિષ્કથી થાય છે. પાંચ ઈન્દ્રિયોની જેમ મસ્તિષ્ક એક મર્યાદિત જૈવિક ઉપકરણ છે. આથી જ માનવ મસ્તિષ્ક પણ એક સિમિત દાયરામાં કાર્ય કરી શકે છે. ન્યુરોસાયન્સની જૈવિક શોધ આધારે પ્રમાણિત થયું છે કે ગણિત મસ્તિષ્કનાં કોર્ટિજેસ ક્ષેત્રમાં આકાર પામે છે. તો ચિત્ર વિટ્રીજેસ ક્ષેત્રમાં જ વિસ્તરે છે. આજ પ્રમાણે ભાષા, રંગ, સ્વાદને પારખવાના અને વિસ્તારવાનાં ક્ષેત્રો અલગ - અલગ છે. માનવ મસ્તિષ્કની બીજી એક લાક્ષણિકતાએ છે કે, વ્યકિત પોતે જાતે જે શીખે છે તે બાબત તેના દિલોદિમાગમાં મૃત્યુપર્યંત જળવાઈ રહે છે. પ્રાથમિક શાળામાં શીખેલ ૦૧૧ સાયકલ કે તરવાની કળા કદી ભુલાતી નથી, પણ ધોરણ ૭ માં ગુજરાતીના પ્રશનમાં જે કવિતાના આસ્વાદ માટે ૮માંથી ૮ માર્ક મળ્યા હોય તે કવિતા જ આજે યાદ નથી રહી. નિશાળમાં કોઈએ શીખવેલું ટકાઉ નથી, આથી મસ્તિષ્કરૂપી કોમ્પ્યુટર તેની હાર્ડડિસ્કમાંથી ડિલિટ કરી નાખે છે.

બીજા દ્રષ્ટિકોણથી જોઈએ તો કૃષિનો આધાર જમીન અને વાતાવરણ છે. આથી જે જમીનમાં સફરજન થાય ત્યાં કાજુ થતાં નથી અને ડુંગળી સાવ જૂદું જ પર્યાવરણ માગે છે. જેનિટિકલ એન્જિનિયરીંગના સંશોધનો પ્રતિપાદિત કરે છે કે પ્રત્યેક બાળક પોતાની માતા તેના માતા પિતા અને દાદા દાદી તેમ ૭ વ્યકિત અને પિતાના પક્ષના ૭ વ્યકિત તેમ કુલ ૧૪નું પ્રતિનિધિત્વ કરતું હોય છે. યાદ રહે, બાળકોનાં રંગસૂત્ર ઘડનાર ૧૪ વ્યકિતમાંથી જે વિષય કે બાબત અગાઉ ૧૪માં ખીલી ન હોય તે ૧૫મી વ્યકિતમાં વિકસવાનું શક્ય જ નથી. તમામ શિક્ષકે અને મા-બાપે સમજવું પડે કે, પ્રત્યેક બાળ એક જેનિટિકલ સેટઅપમાં જ વર્તી શકે છે.શરીરના રસાયણ અનુસાર શિક્ષક અથવા મા-બાપ બાળકને જેમાં મજા આવે છે તે વિષયને મજબૂત કરવામાં મદદરૂપ થાય તે સાચું શિક્ષણ છે. વ્યકિતનો સહજ આનંદ તેના રંગસૂત્રોની ગોઠવણીનું પ્રમાણપત્ર બને છે. બાળકનાં ગર્ભથી લઈ તેની કિશોર અવસ્થા સુધી માતા - પિતા જ બાળકની શાળા બની રહે તે વ્યવસ્થા જ વિજ્ઞાન છે.

શિક્ષક સતત અવલોકન પણ જાણી શકે કે વિધ્યાર્થી કઈ દિશામાં વધુ ખીલે છે. શાળાએ પોતાનું ગાણું ગાવાનાં બદલે બાળકની શક્તિઓને - મોજને મોતીની માળા માફક પરોવી આપવાના હોય છે.

ઉપનિષદ્ કહે છે 'આનંદો પરમો ધર્મ' તેમ અંતે જીવતા જીવ માટે વૈયક્તિક આનંદ સર્વસ્વ -સર્વજ્ઞ અને સર્વશ્રેષ્ઠ છે. તેની ઉપર પરીક્ષા જેવી ક્ષુલ્લક બાબતોને આગળ કરી એક માનવ શરીરને છેક હતાશ, નિરાશ કે સમાપ્ત ન કરી શકાય. ધ્યાન રહે, પ્રકૃતિએ પ્રત્યેક દાણામાં જીવન ભર્યું છે. એ દાણો અનુકૂળ આબોહવા અને ભેજ મળતા કોળી ઊઠે છે. પરંતુ સામાજિક કે વ્યાવસાયિક પ્રતિષ્ઠાની લ્હાયમાં બાળકરૂપી દાણાને શેકી નાખીશું તો તે પછી કોઈ વરસાદમાં તે ખીલી ઊઠશે નહીં.

પ્રત્યેક વાચક કોઈને કોઈ સમયે કોઈને કોઈ પરીક્ષામાં નાપાસ થયો જ હશે. પરંતુ તમારા મા-બાપ અને શિક્ષકોએ તમને તોડી ન પાડયા, આથી તમે આજે સ્વસ્થ છો. બસ, આ જ વર્તન તમારી નવી પેઢી માટે અપનાવો. માનવ અસ્તિત્વ સ્વયં પરીક્ષા છે. જ્યાં શાળાકીય પરીક્ષા માત્ર એક પગથિયું છે. આથી તેને બિનજરૂરી મહત્વ ન આપશો.

# દુ:ખીઓની રક્ષા કરનારું તમારું એ વિશાળ ધનુષ્ય ક્યાં ગયું?

કરંટ ટોપિક



કરુણામયી જગતજનની પ્રગટેલી માતા શક્તિ સંસારવાસીઓનું દુઃખ જોઈ ન શકતાં તેઓના નયન અશ્રુભીના થઈ ગયા અને તેમની આંખોમાંથી અસંખ્ય અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. એ અશ્રુઓની ધારાઓ એટલી ગતિમય હતી કે સમસ્ત સંસારમાં નદીઓનાં નીર તરીકે વહેવા માંડી, સમસ્ત સંસાર પાણીમય થઈ ગયું. માતાના ચોથા હાથમાં ફળ-ફૂલ હતાં એ ત્યાંથી અદશ્ય થયાં અને સંસારના દરેક છોડ, લતાઓ અને વૃક્ષો ફળ-ફૂલ મય બની ગયાં. સમસ્ત દેવગણ હર્ષ અનુભવી રહ્યા હતા. દેવર્ષિ નારદે કહ્યું, 'માતા તમારા પ્રાગટ્યથી સમસ્ત સંસારવાસીઓ પ્રસન્ન થઈ રહ્યાં છે.

સંસારમાં પાણી અને ફળ-ફૂલ પયાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. માતા હવે દુર્ગમાસુરના બંદી એવા ચાર વેદને મુક્ત કરવા અનિવાર્ય છે.' ક્રોધિત માતા પાર્વતી દુર્ગમાસુરને પ્રગટ થવા આહ્વાન આપતાં દુર્ગમાસુર તેમની સમક્ષ પ્રગટ થાય છે. માતા પાર્વતી તેને ચારેય વેદને તુરંત મુક્ત કરવા કહે છે. કામલોભી દુર્ગમાસુર માતા પાર્વતીને તેના બદલામાં પોતાને વરવાનું કહે છે. ક્રોધિત માતા તેને કહે છે, 'શિવની શિવા પર કુદષ્ટિ નાખનાર દુર્ગમાસુર તારો અંત નિશ્ચિત છે. લે તારા દુઃસાહસનું ફળ.' આટલું કહી માતા પાર્વતીના હૃદયમાંથી અષ્ટભૈરવી પ્રગટ થાય છે. એ અષ્ટભૈરવી દેવી દુર્ગમાસુર પર આક્રમણ કરે છે, પણ દુર્ગમાસુરની મુખાગ્નિમાંથી નીકળેલી અગ્નિ અષ્ટભૈરવી સહન કરી શકતી નથી અને રાખ થઈ જાય છે.

વરદાની દુર્ગમાસુર માતા પાર્વતીને કહે છે, 'સુંદરી મેં પહેલા જ કહ્યું હતું કે મારી અતુલ્ય શક્તિ' સામે તારી તુચ્છ શક્તિ ક્યારેય ટકી નહીં શકે. હવે વધુ સમય વ્યતીત ન કર અને મારી રાણી બની જા. ત્યારબાદ આઠ દિવસ સુધી માતા પાર્વતી અને દુર્ગમાસુર વચ્ચે યુદ્ધ ચાલે છે. દુર્ગમાસુર એક પછી એક મોટા શસ્ત્રોનો ઉપયોગ માતા પાર્વતી પર કરે છે પણ માતા પાર્વતી એ શસ્ત્રોને નિસ્તેજ કરી નાખે છે. અંતે માતા પાર્વતી વિરાટ રૂપ ધારણ કરે છે અને પોતાના ચરણ પ્રહારથી દુર્ગમાસુરને પાતાળલોક મોકલી આપે છે. બળશાળી દુર્ગમાસુર ફરી પાતાળલોકથી ઉપર આવે છે અને માતા પાર્વતી પર આક્રમણ કરવાની કોશિશ કરે છે, અંતે માતા પાર્વતી વધુ ક્રોધિત થાય છે અને તેમના હૃદયમાંથી દસ દેવીઓ પ્રગટ થાય છે જેમનું નામ છે કાલી, તારા, છિન્નમસ્તા, શ્રી વિદ્યા, ભુવનેશ્વરી, ભૈરવી, બગલા, ધૂમા, ત્રિપુરા અને માતંગી.

આ બધી દેવીઓ મળીને દુર્ગમાસુરની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરે છે. પોતાની સેનાનો નાશ થતો જોઈ દુર્ગમાસુર ગભરાઈ જાય છે. એ ક્ષણે જ માતા પાર્વતીનું ત્રિશુળ દુર્ગમાસુરના શરીરને વિંધી નાખે છે. દુર્ગમાસુરનો અંત થતાં જ ચારેય વેદ મુક્ત થાય છે અને બ્રહ્મલોકમાં ફરી નિવાસ કરતા સંસારમાં ચક્ર ફરી ગતિમાન થાય છે. માતા પાર્વતી સાથે સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે. ભગવાન શિવ કહે છે, 'હે શક્તિસ્વરૂપા પાર્વતી તમે સંસારચક્રને ગતિમાન રાખવા દુર્ગમનો વિનાશ કર્યો છે. આ સંસાર તમને દુર્ગમનો નાશ કરનારી માતા દુર્ગા તરીકે પૂજશે.'દેવર્ષિ નારદ સહિત દેવગણ માતા દુર્ગા અને ભગવાન શિવનો જયજયકાર કરવા માંડયા.

માતા પાર્વતીઃ દેવરાજ જુઓ તમારું સ્વર્ગલોક ફરી દુર્ગમાસુર અને તેના અસુરોના વર્ચસ્વથી મુક્ત થયું છે. જાઓ સિંહાસન શોભાવો અને હવે તમે તમારું કર્તવ્ય કદાચ ભૂલશો નહીં એવું હું ઇચ્છુ છું.'

દેવર્ષિ નારદઃરાજા માત્ર ભૂલને પાત્ર. દેવરાજ સ્વર્ગલોકની અપ્સરાઓના નૃત્ય-સંગીતપાનમાં તેમની જવાબદારી ભૂલી ન જાય એવું બને જ નહીં.'

દેવરાજ ઈન્દ્રઃ 'માતા હું ભૂતકાળના બેજવાબદાર વર્તન બદલ દિલગીર છું, દેવર્ષિ હવે ક્યારેય હું મારું કર્તવ્ય નહીં વિસરું અને અમે દેવગણો લોકકલ્યાણનાં કામો માટે અગ્રેસર રહીશું.'સમગ્ર દેવગણ એકી સાથે બોલી ઉઠયા કે, અમે અમારું કર્તવ્ય ક્યારેય નહીં વિસરીએ.ભગવાન શિવ અને માતા પાર્વતીના આશીર્વાદ લઈ દેવર્ષિ નારદ સહિત દેવલોક પોતપોતાનાં લોક તરફ પ્રયાણ કરે છે.

ભગવાન શિવઃ 'દેવી દેવલોક પોતપોતાના લોક ચાલ્યા ગયાં, સંસારચક્ર ફરી વ્યવસ્થિત ચાલી રહ્યું છે. યુવા ભદ્રાયુની શૂરવીરતા જોઈ ચંપારણ્યના મહારાજા ચંદ્રાંગ અને મહારાણી સીમંતિએ તેમની પુત્રી કીર્તિમાલિનીના લગ્ન યુવા ભદ્રાયુ સાથે કરાવ્યાં અને રાજગાદી સોંપી દીધી છે. ચંપારણ્યના જંગલમાં રાજા ભદ્રાયુ અને રાણી કીર્તિમાલિની વિહાર કરી રહ્યાં છે. આ રાજદંપતીની ધર્મમાં દઢતા અને શરણાગતોનું પાલન કરવાની કેટલી ક્ષમતા છે તે જાણવા તેમની પરીક્ષા લેવી અનિવાર્ય લાગી રહી છે.'

માતા પાર્વતીઃ 'તો ચાલો સ્વામી, જોઈએ ભદ્રાયુ અને કીર્તિમાલિનીની ધર્મમાં દઢતાકેટલી છે.'

માતા પાર્વતી સહિત ભગવાન શિવે એક લીલા રચી. માતા પાર્વતી અને ભગવાન શિવ એ વનમાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં. એ બંનેએ લીલાપૂર્વક એક માયાવી વાઘનું નિર્માણ કર્યું. એ બંને ભયથી વિહવળ થઈ વાઘથી થોડે જ દૂર આગળ રડતા રડતા બૂમો પાડતાં ભાગવા માંડયાં અને વાઘ એમનો પીછો કરવા લાગ્યો. રાજા ભદ્રાયુએ એમને આ અવસ્થામાં જોયાં. બ્રાહ્મણ દંપતી પણ ભયથી રાજા ભદ્રાયુની સામે પહોંચે છે.

એજ સમયે વાઘ પણ બ્રાહ્મણી પાસે આવી પહોંચ્યો. તેણે બ્રાહ્મણીને પોતાનો કોળિયો બનાવવાની ચેષ્ટા કરી. રાજા ભદ્રાયુએ ધનુષ્ય ઉઠાવ્યું અને આઘાત કર્યો, પરંતુ એ બાણથી એ મહાબલી વાઘને જરાય વ્યથા ન થઈ અને તે બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો ત્યાંથી દૂર નીકળી ગયો. પોતાની પત્નીને વાઘનો શિકાર થતાં જોઈ બ્રાહ્મણ બહુ દુઃખી થયો અને તે રડવા લાગ્યો.

# ગુજરાતના સમુદ્ર કિનારે મીઠા ઉદ્યોગના વિકાસની ભરપૂર શક્યતા

**મીઠા આધારિત ઉદ્યોગોનો વિકાસ અને મૂલ્યવર્ધન કરી રોજગારીની નવનીત તકોનું નિર્માણ થઈ શકે છે આ માટે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના સમુદ્ર કિનારાનો સમુચિત વિકાસ થવો જરૂરી છે**

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

સમગ્ર ગુજરાત રાજ્ય ભારતના મીઠા ઉત્પાદનના નકશા પર વિશેષ સ્થાન ધરાવે છે. દરિયાકાંઠે વસેલા નાના મોટા નગરો અને બંદરો ના વિસ્તારમાં માં અહીં મીઠા આધારિત ઉદ્યોગોની શક્યતાઓ માત્ર વિશાળ જ નહીં પરંતુ દીર્ઘકાળે ટકાઉ પણ છે. અત્યાર સુધી મીઠાને મોટા ભાગે કાચા સ્વરૂપે પકવીને વેચવામાં આવ્યું છે, પરંતુ આજના સમયમાં મીઠું માત્ર એક ખોરાકનો ઘટક નહીં રહીને રસાયણ, ઉદ્યોગ, ખાદ્ય પ્રોસેસિંગ, દવા અને નિકાસ માટેનું મહત્વપૂર્ણ આધાર બન્યું છે. ભાવનગર માટે સાચી તકો મીઠાના મૂલ્યવર્ધનમાં છુપાયેલી છે.

ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટર લાંબો પાસે લાંબો દરિયાકિનારો છે, જ્યાં દરિયાઈ ખારાશ ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. સૌરાષ્ટ્રનો સૂકો અને ગરમ આબોહવા મીઠાના ઉત્પાદન માટે ખૂબ અનુકૂળ છે, કારણ કે સૂર્યપ્રકાશ આધારિત બાષ્પીભવનની પ્રક્રિયા અહીં ઝડપથી અને ઓછી ખર્ચે શક્ય બને છે. વર્ષોથી ચાલતી અગરિયા પ્રથા અને મોટા મીઠા ઉત્પાદકોના અનુભવને કારણે અહીં મીઠા ઉત્પાદનનું મજબૂત આધારભૂત માળખું પહેલેથી જ ઉભું છે. આ સાથે ભાવનગરમાં આવેલી ઝજીંઇ-ઝજીસ્ઝઈં જેવી વિશ્વવિખ્યાત સંશોધન સંસ્થાની હાજરી આ ઉદ્યોગને વૈજ્ઞાનિક દિશા અને આધુનિક ટેકનોલોજી આપવાની ક્ષમતા ધરાવે છે.

ઝજીંઇ-ઝજીસ્ઝઈંમાં મીઠા અને દરિયાઈ રસાયણો પર સતત સંશોધન ચાલી રહ્યું છે. સૌર મીઠાની ગુણવત્તા અને ઉપજ વધારવા, બ્રાઈનમાંથી પોટાશ, મેગ્નેશિયમ અને બ્રોમિન જેવા મૂલ્યવાન રસાયણો મેળવવા, તેમજ કડવાશ અને ખારા કચરાના સંચાલન જેવી સમસ્યાઓ માટે ખર્ચ-અસરકારક નવી પ્રક્રિયાઓ વિકસાવવામાં આવી રહી છે. મીઠાના કામોમાં તાજા પાણીની પુનઃપ્રાપ્તિ, સૌર ઊર્જાનો વધુ ઉપયોગ અને પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓ અપનાવીને હરિયાળી વિકાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ સંસ્થા મીઠાના કામોની ડિઝાઈન, જમીન સર્વેક્ષણ અને ઉદ્યોગોને જરૂરી કુશળ માનવબળ તૈયાર કરવા માટે તાલીમ કાર્યક્રમો પણ ચલાવે છે.

મીઠાના સીધા વેચાણ કરતાં તેની આસપાસ વિકસતા મૂલ્યવર્ધિત ઉદ્યોગો કચ્છ જામનગર પોરબંદર જાફરાબાદ અને ભાવનગર તથા દક્ષિણ ગુજરાતના કિનારે પણ આર્થિક વિકાસ માટે વધુ મહત્વ ધરાવે છે. રસાયણ ઉદ્યોગમાં મીઠાનો સૌથી મોટો ઉપયોગ થાય છે. મીઠાના દ્રાવણના વિદ્યુત વિભાજન દ્વારા કોસ્ટિક સોડા અને ક્લોરિન જેવા પાયાના રસાયણો બને છે. કોસ્ટિક સોડાનો ઉપયોગ સાબુ, ડિટર્જન્ટ, કાગળ, ટેક્સટાઈલ અને એલ્યુમિનિયમ ઉદ્યોગમાં થાય છે, જ્યારે ક્લોરિન ફઝ પાઈપ, પાણીના શુદ્ધિકરણ અને દવાઓના ઉત્પાદનમાં અનિવાર્ય છે. આ ઉપરાંત સોડા એશનું ઉત્પાદન કાચ અને ડિટર્જન્ટ ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભાવનગરમાં કાચા મીઠાની ઉપલબ્ધતા અને બંદરીય સુવિધાઓને કારણે આવા મોટા રસાયણ ઉદ્યોગોની સ્થાપનાની વિશાળ શક્યતા છે.

મીઠું પકવ્યા પછી બાકી રહેતી બ્રાઈનને ઘણી વખત કચરો માનવામાં આવે છે, પરંતુ હકીકતમાં તે દરિયાઈ રસાયણોની ખાણ સમાન છે. આ બ્રાઈનમાંથી પોટાશ જેવા ખાતર ઉદ્યોગ માટે જરૂરી રસાયણો, મેગ્નેશિયમ સંયોજનો અને બ્રોમિન મેળવવાની વિશાળ તકો છે. મેગ્નેશિયમ સંયોજનો રિફ્રેક્ટરીઝ, ફાર્માસ્યુટિકલ્સ અને ટેક્સટાઈલ ઉદ્યોગમાં વપરાય છે, જ્યારે બ્રોમિન આગ-પ્રતિરોધક રસાયણો અને દવાઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. યોગ્ય બ્રાઈન મેનેજમેન્ટ દ્વારા ભાવનગર દરિયાઈ રસાયણોના હબ તરીકે વિકસી શકે છે.

ખાદ્ય મીઠાના ક્ષેત્રમાં પણ ભાવનગર માટે વિશેષ તકો છે. આજના ગ્રાહકો સામાન્ય મીઠા કરતાં વધુ શુદ્ધ, સલામત અને પોષક ગુણવત્તાવાળા મીઠાની માંગ કરે છે. રિફાઈન્ડ અને વેક્યુમ સોલ્ટ જેવી ઉચ્ચ શુદ્ધતાવાળી જાતોની નિકાસ માટે વૈશ્વિક બજારમાં સારી માંગ છે. આ સાથે આયોડિન અને આયર્ન યુક્ત ફોર્ટિફાઈડ મીઠું જાહેર સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે અને સરકારી પોષણ કાર્યક્રમોમાં તેનો વ્યાપ વધતો જાય છે. ચોક્કસ ગુણવત્તાવાળા ઔદ્યોગિક ગ્રેડ મીઠાનું ઉત્પાદન કરીને ચામડા, વોટર સોફ્ટનિંગ અને ડાઈંગ ઉદ્યોગોને પુરવઠો આપવાની પણ શક્યતા છે.

મીઠું માત્ર રસાયણ અને ખોરાક પૂરતું સીમિત નથી. ખાણકામ અને ધાતુ શુદ્ધિકરણમાં તે સહાયક ભૂમિકા ભજવે છે. એલ્યુમિનિયમ, મેગ્નેશિયમ અને કેટલીક કિંમતી ધાતુઓના શુદ્ધિકરણમાં મીઠાના સંયોજનો ઉપયોગી થાય છે. ચામડા ઉદ્યોગમાં કાચા ચામડાને સાચવવા માટે મીઠું અનિવાર્ય છે, કારણ કે તે ભેજ ખેંચીને બેક્ટેરિયાનો વિકાસ અટકાવે છે. ટેક્સટાઈલ અને ડાઈંગ ઉદ્યોગમાં રંગને કાપડમાં સ્થિર કરવા માટે મીઠું જરૂરી છે. ફૂડ પ્રોસેસિંગમાં ખોરાકની જાળવણી, સ્વાદ અને પોત સુધારવામાં મીઠું મુખ્ય ભૂમિકા ભજવે છે. મીઠા ઉદ્યોગ સામે કેટલાક પડકારો



પણ છે. પરંપરાગત પદ્ધતિઓને આધુનિક યંત્રસંચાલિત લણણી અને વૈજ્ઞાનિક પ્રક્રિયાઓથી બદલવાની જરૂર છે. બ્રાઈનનું યોગ્ય સંચાલન ન થાય તો પર્યાવરણ પર નકારાત્મક અસર થઈ શકે છે. આ ઉદ્યોગમાં કાર્યરત અગરિયાઓના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે આ ઉદ્યોગ શ્રમ આધારિત છે. સાથે સાથે બંદરીય સુવિધાઓનો વધુ સારો ઉપયોગ કરીને મીઠા અને મીઠા આધારિત ઉત્પાદનોની નિકાસ વધારવાની દિશામાં આયોજન કરવું પડશે.સારાંશરૂપે કહી શકાય કે ગુજરાતનો સમુદ્ર કિનારો માત્ર મીઠું પકવનારો વિસ્તાર જ નહીં, પરંતુ મીઠા આધારિત રસાયણો અને મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું કેન્દ્ર બની શકે તેવી સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. કુદરતી પરિબળો, સંશોધન સંસ્થાની હાજરી અને ઉદ્યોગનો અનુભવ જો યોગ્ય આયોજન અને ટેકનોલોજી સાથે જોડાય, તો ગુજરાત ભારતનું જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે દરિયાઈ રસાયણોનું મહત્વપૂર્ણ હબ બની શકે છે. આ વિકાસથી સ્થાનિક રોજગારી વધશે, નિકાસમાં વધારો થશે અને આર્થિક વિકાસને નવી દિશા મળશે.

# ભારત-બાંગ્લાદેશની મેચમાં કડવાશ અને ઉગ્રતા જોવા મળી, કેપ્ટનોએ હાથ ન મિલાવ્યો



નવીદિલ્હી,
ટી ૨૦ વર્લ્ડ કપ દરમિયાન બીસીસીઆઇ અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ વચ્ચેના સંબંધો નોંધપાત્ર રીતે બગડ્યા છે. તેની અસર હવે ક્રિકેટના મેદાન પર પણ જોવા મળી રહી છે.આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ગ્રુપ છ મેચમાં ક્રિકેટ મેદાન પર એક દુર્લભ દૃશ્ય જોવા મળ્યું.હકીકતમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટોસ દરમિયાન બંને ટીમોના કેપ્ટનોએ હાથ મિલાવ્યો ન હતો, જેના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો માહોલ સર્જાયો હતો.ઝિમ્બાબ્વેના બુલાવાયોમાં રમાઈ રહેલી આ મેચ વરસાદને કારણે શરૂ થવામાં વિલંબ થયો હતો. બાંગ્લાદેશે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બાંગ્લાદેશના નિયમિત કેપ્ટન મોહમ્મદ અઝીઝુલ હકીમ તમીમ બીમારીને કારણે બહાર થઈ ગયા હતા; ઉપ-કેપ્ટન જવાદ અબરાર ટોસ માટે આવ્યા હતા. આયુષ મ્હાત્રેએ ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. ટોસ સમયે કેપ્ટનો વચ્ચે પરંપરાગત હાથ મિલાવવાની ઘટના બની ન હતી, જે કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ હતી. જોકે, આ બાબતે બંને ટીમો દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.નોંધનીય છે કે ગયા વર્ષે એશિયા કપ દરમિયાન ભારત અને પાકિસ્તાનના કેપ્ટનોએ ટોસ સમયે હાથ મિલાવ્યા ન હતા ત્યારે સિનિયર સ્તરે પણ આવી જ ઘટના બની હતી.

# વૈભવ સૂર્યવંશીએ બાબર આઝમને પાછળ છોડી વિશ્વ રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,
ભારતના ૧૪ વર્ષીય બેટ્સમેન, વૈભવ સૂર્યવંશીએ ઝ્રઝ્ર અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ માં બાંગ્લાદેશ સામેની મેચમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. બુલાવાયોમાં રમાયેલી મેચમાં, વૈભવે માત્ર ૬૭ બોલમાં ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી, જેમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે.

પોતાની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતા, વૈભવે ઈનિંગની શરૂઆતથી જ આક્રમક અભિગમ અપનાવ્યો અને માત્ર ૩૦ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. આમ, વૈભવ સૂર્યવંશીએ મેન્સ અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે અડધી સદી ફટકારનાર ખેલાડીનો નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. તેણે ૧૪ વર્ષ અને ૨૯૬ દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી. અગાઉ, આ રેકોર્ડ અફઘાનિસ્તાનના શાહિદુલ્લાહ કમાલના નામે હતો, જેણે ૨૦૧૪માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૫ વર્ષ અને ૧૯ દિવસની ઉંમરે અડધી સદી ફટકારી હતી. વૈભવની આ સિદ્ધિથી હવે પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમ, જેમણે ૨૦૧૦ માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૫ વર્ષ અને ૯૨ દિવસની ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરી હતી, તે યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે.

આઈસીસી મેન્સ યુ ૧૯ વર્લ્ડ કપમાં ૫૦+ રન બનાવનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી



૧૪ વર્ષ ૨૯૬ દિવસ - વૈભવ સૂર્યવંશી (ઈન્ડિયા૧૯) વિરુદ્ધ મ્બ્દ્ગ૧૯, બુલાવાયો, ૨૦૨૬

૧૫ વર્ષ ૧૯ દિવસ - શાહિદુલ્લાહ કમાલ (એએફજી૧૯) વિરુદ્ધ ડબ્લ્યુઆઈ ૧૯, દુબઈ (આઈસીસીએ ૨), ૨૦૧૪

૧૫ વર્ષ ૯૨ દિવસ - બાબર આઝમ (પાકિસ્તાન ૧૯) વિરુદ્ધ ડબ્લ્યુઆઈ ૧૯, પામર્સ્ટન નોર્થ, ૨૦૧૦

૧૫ વર્ષ ૧૨૫ દિવસ - પરવેઝ મલિકઝાઈ (એએફજી ૧૯) વિરુદ્ધ ફિજી૧૯, કોક્સ બજાર, ૨૦૧૬

૧૫ વર્ષ ૧૩૨ દિવસ - શરદ વેસાવકર (એનઈપી ૧૯) વિરુદ્ધ ઈંગ્લેન્ડ ૧૯, ચટ્ટોગ્રામ, ૨૦૦૪

વૈભવ સૂર્યવંશીએ આ મેચ સાથે બીજો મોટો રેકોર્ડ બનાવ્યો. યુવા વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં તેણે વિરાટ કોહલીને પાછળ છોડી દીધો. વૈભવે ફક્ત ૨૦ યુવા વનડે મેચોમાં ૧૦૪૭ રન બનાવ્યા છે, જ્યારે વિરાટ કોહલીએ ૨૮ મેચોમાં ૯૭૮ રન બનાવ્યા છે. વિજય ઝોલ ૩૬ મેચોમાં ૧૪૦૪ રન સાથે ભારતીય ખેલાડીઓની આ યાદીમાં ટોચ પર છે. એકંદરે આ રેકોર્ડ બાંગ્લાદેશના નઝમુલ હુસૈન શાંતોના નામે છે, જેમણે ૧૮૨૦ રન બનાવ્યા છે.

# મારા હાથમાંથી જીવન સરકી ગયું, બીમારી સામે લડ્યા પછી ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી પાછો ફર્યો

સિડની,
ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ખેલાડી ડેમિયન માર્ટિન જીવન-મરણની લડાઈમાંથી પાછા ફર્યા છે. ગયા વર્ષના અંતમાં અચાનક જીવલેણ બીમારીનો ભોગ બનેલા માર્ટિન હવે સ્વસ્થ થઈ ગયા છે અને હોસ્પિટલમાં ઘણા દિવસો સુધી લડ્યા પછી ઘરે પરત ફર્યા છે. મેનિન્જાઈટિસ નામની ખતરનાક બીમારીને કારણે માર્ટિન લગભગ એક અઠવાડિયા સુધી કોમામાં રહ્યો હતો, જેમાંથી તેમના સ્વસ્થ થવાની શક્યતા ઓછી હતી. જોકે, ડોકટરોથી લઈને પરિવાર સુધી, બધાને આશ્ચર્ય થયું, માર્ટિન માત્ર સ્વસ્થ થયો જ નહીં પણ તરત જ હોસ્પિટલમાંથી ઘરે પાછો ફર્યો. હવે, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઓસ્ટ્રેલિયન સ્ટારે બધાનો આભાર માન્યો અને તે ભયાનક સમયને યાદ કર્યો.

૨૭ ડિસેમ્બરના રોજ, માર્ટિન અચાનક ઘરે પડી ગયો અને તેને ગોલ્ડ કોસ્ટની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આ સમાચારે માર્ટિનના પરિવાર, મિત્રો અને લાખો ચાહકોના હૃદય તોડી નાખ્યા, અને દરેક વ્યક્તિ તેના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા હતા. ઘટનાના ૨૧ દિવસ પછી, શનિવાર, ૧૭ જાન્યુઆરીના રોજ, માર્ટિને તે ક્ષણને યાદ કરતા પોતાની પોસ્ટમાં લખ્યું, "૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, મારું જીવન મારાથી છીનવાઈ ગયું... જ્યારે મેનિન્જાઈટિસ મારા મગજ પર કબજો કરી લીધો, અને મને ખબર પડે તે પહેલાં, મને આ ભયંકર રોગ સામે લડવામાં મદદ કરવા માટે ૮ દિવસ માટે લકવાગ્રસ્ત કોમામાં મૂકવામાં આવ્યો. અને હું લડ્યો!"



ઓસ્ટ્રેલિયાની ૨૦૦૩ની વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ રહેલા ૫૪ વર્ષીય માર્ટિને કહ્યું કે કોઈને પણ ઝડપથી સ્વસ્થ થવાની અપેક્ષા નહોતી. તેમણે સમજાવ્યું, "બચાવવાની ૫૦-૫૦ તક આપ્યા પછી, હું આઠ દિવસ પછી કોમામાંથી બહાર આવ્યો... ચાલવા કે બોલવામાં અસમર્થ. અને છતાં, માત્ર ચાર દિવસ પછી, ડોકટરોના આશ્ચર્ય વચ્ચે, હું ચાલ્યો, બોલ્યો, અને મેં તેમને સાબિત કર્યું કે હું હોસ્પિટલમાંથી રજા મેળવવા અને મારી સ્વસ્થતા શરૂ કરવા માટે લાયક છું.

# ઈજાને કારણે વર્લ્ડ કપ ચૂકી ગયેલા ૫ ભારતીય ખેલાડીઓ, વોશિંગ્ટન સુંદરનું પણ દિલ તૂટી જશે?

નવીદિલ્હી,
ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. તે પહેલા સુંદર ઈજાગ્રસ્ત થયો છે. તેને ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીની પહેલી મેચમાં ઈજા થઈ હતી. તેને ન્યૂઝીલેન્ડ સામેની ટી ૨૦ શ્રેણીમાંથી પણ બહાર કરવામાં આવ્યો છે. જો સુંદર ફિટ ન થાય તો તે વર્લ્ડ કપમાંથી પણ બહાર થઈ શકે છે. ટીમમાં સામેલ થયા પછી પણ ઘણા ભારતીય ખેલાડીઓ ઈજાને કારણે વર્લ્ડ કપ ચૂકી ગયા છે. અમે તમને આવા ૫ નામો વિશે જણાવીએ છીએ.

જસપ્રીત બુમરાહ ૨૦૨૨ ટી ૨૦ વર્લ્ડ કપ ચૂકી ગયો. તે ટીમનો ભાગ હતો પણ કમરની તકલીફને કારણે રમી શક્યો નહીં. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ મોહમ્મદ શમીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

વીરેન્દ્ર સેહવાગ ઈજાને કારણે બે ટી ૨૦ વર્લ્ડ કપ ચૂકી ગયો. ૨૦૦૯માં, ખભાની ઈજાને કારણે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. ૨૦૧૦માં ખભાની ઈજાને કારણે તેની જગ્યાએ મુરલી વિજયને લેવામાં આવ્યો હતો.

જ્યારે ૨૦૨૩ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી કરવામાં આવી ત્યારે અક્ષર પટેલનું નામ ટીમમાં સામેલ કરવામાં આવ્યું હતું. જોકે, ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ તે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો અને તેના સ્થાને આર. અશ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.



૨૦૧૫નો વર્લ્ડ કપ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં રમાયો હતો. ઈશાંત શર્મા ટીમનો ભાગ હતો પરંતુ ઘૂંટણની ઈજાને કારણે શરૂઆત પહેલાં જ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. મોહિત શર્મા તેમના સ્થાને આવ્યા.

૨૦૧૧ ના વર્લ્ડ કપ માટે પ્રવીણ કુમારનો ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.



# રણવીર સિંહે પીછેહઠ કરી, શાહરૂખ ખાન 'ડોન ૩'માં પાછો ફરશે? નિર્માતાઓ સમક્ષ મુકાઈ શરત

મુંબઈ,
ફરહાન અખ્તરની સુપરહિટ ફ્રેન્ચાઈઝ 'ડોન'ના ત્રીજા ભાગને લઈને ભારે ચર્ચા છે. નિર્માતાઓએ 'ડોન ૩' માટે રણવીર સિંહનું નામ ફાઈનલ કરી લીધું હતું, પરંતુ શૂટિંગ શરૂ થાય તે પહેલાં જ, રણવીર પ્રોજેક્ટમાંથી ખસી ગયો.

રણવીરના ફિલ્મ છોડ્યા બાદ, નિર્માતાઓએ નવા મુખ્ય અભિનેતાની શોધ શરૂ કરી દીધી છે. તેઓ એવા અભિનેતાની શોધમાં છે જે 'ડોન' ની ભૂમિકામાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન જેવો જાદુ લાવી શકે. દરમિયાન, અહેવાલો બહાર આવ્યા કે નિર્માતાઓ 'ડોન ૩' માં ઋતિક રોશનને લેવાનું વિચારી રહ્યા છે. જોકે, હવે એવા અહેવાલ છે કે નિર્માતાઓ મૂળ ડોન, શાહરૂખ ખાનને પાછો લાવવાની યોજના બનાવી રહ્યા છે અને વાટાઘાટો શરૂ થઈ ગઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે નિર્માતાઓએ ફરી એકવાર 'ડોન ૩' માં શાહરૂખને મુખ્ય ભૂમિકામાં લેવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેમણે ફરહાન અખ્તર સમક્ષ એક શરત મૂકી છે.

અહેવાલ મુજબ, રણવીર સિંહે 'ડોન ૩' છોડી દીધા પછી, ફરહાન અખ્તરે ફરી એકવાર મૂળ ડોન, શાહરૂખ ખાનનો સંપર્ક કર્યો. લાંબી ચર્ચાઓ પછી, કિંગ ખાન ફિલ્મ માટે સંમત થયો છે. તે તેની યાદગાર ભૂમિકા ફરીથી ભજવવા માટે ઉત્સાહિત છે. જોકે, અહેવાલો અનુસાર, કિંગ ખાને ફરહાન અખ્તર સમક્ષ ફિલ્મમાં પાછા ફરવા અંગે એક શરત મૂકી છે, જે તેની બ્લોકબસ્ટર ફિલ્મ "જવાન" ના દિગ્દર્શક એટલી સાથે સંબંધિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શાહરૂખ ખાન "ડોન ૩" માં પાછા ફરવા માટે સંમત થયા છે, શરત એ છે કે "જવાન" ના દિગ્દર્શક એટલીને ફિલ્મમાં સામેલ કરવામાં આવે. અહેવાલો અનુસાર, શાહરૂખ ખાન આ સ્તર વધારવા માંગે છે, અને તેથી જ તેણે એટલીને સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમનું માનવું છે કે આ પ્રોજેક્ટમાં એટલીની સંડોવણી દર્શકોની ઉત્તેજના અને અપેક્ષાઓમાં વધારો કરશે. જોકે, હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ફિલ્મના નિર્માતાઓ કે શાહરૂખ ખાનની ટીમે સત્તાવાર રીતે આ વાતની પુષ્ટિ કરી નથી. તેથી, ઈન્ડિયા ટીવી આ સમાચારની પુષ્ટિ કરી શકતું નથી.

# ફિલ્મ ધમાલ ૪ ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે



મુંબઈ,
નિર્માતાઓએ 'ધમાલ ૪' ની રિલીઝ તારીખ જાહેર કરી. દિગ્દર્શક ઈન્દ્ર કુમારની ફિલ્મ, જેમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અરશદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી અભિનીત છે, ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રિલીઝ તારીખ જાહેર કરતા, ટી-સિરીઝના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, "તમને ટૂંક સમયમાં કહી રહ્યો છું, પરંતુ પછી આપણે હલચલ મચાવવી પડશે. જોડાયેલા રહો." એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ 'ધમાલ ૪'નો ભાગ છે. આ ફિલ્મનું નિર્માણ અજય દેવગન, ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, અશોક ઠાકેરિયા, ઈન્દ્ર કુમાર, આનંદ પંડિત અને કુમાર મંગત પાઠક દ્વારા કરવામાં આવ્યું છે. ધમાલ ૨૦૦૭ ની કોમેડી ફિલ્મ છે જેનું નિર્દેશન ઈન્દ્ર કુમાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ અશોક ઠાકેરિયા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં સંજય દત્ત, રિતેશ દેશમુખ, અરશદ વારસી, આશિષ ચૌધરી, અને જાવેદ જાફરી મુખ્ય ભૂમિકામાં હતા, જેમાં અસરાની, સંજય મિશ્રા, મુરલી શર્મા, વિજય રાઝ, મનોજ પાહવા, ટીકુ તલસાનિયા અને પ્રેમ ચોપરા સહાયક ભૂમિકામાં હતા. આ ફિલ્મ ત્વરિત સફળ બની અને બાદમાં સિક્વલ ડબલ ધમાલ (૨૦૧૧) અને ટોટલ ધમાલ (૨૦૧૯) સાથે લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાં ફેરવાઈ.

# સંજય દત્ત મુંબઈની શેરીઓમાં ટેસ્લા સાયબર ટ્રક ચલાવતો જોવા મળ્યો

મુંબઈ,
બોલીવુડ અભિનેતા સંજય દત્ત ઘણીવાર તેમના અભિનય તેમજ તેમની સંપત્તિ માટે સમાચારમાં રહે છે. તાજેતરમાં, અભિનેતા બ્લોકબસ્ટર "ધુરંધર" માં પોલીસ અધિક્ષક અસલમ ચૌધરી તરીકે હેડલાઈન્સમાં છવાયેલા હતા અને હવે તેઓ પ્રભાસ અભિનીત ફિલ્મ "ધ રાજા સાબ" માં તેમની નકારાત્મક ભૂમિકા માટે સમાચારમાં છે. આ દરમિયાન, સંજય દત્તનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે એક એવી કાર ચલાવતો જોવા મળી રહ્યો છે જે હજુ સુધી ભારતમાં લોન્ચ થઈ નથી. સંજય દત્તના ગેરેજમાં પહેલાથી જ રેન્જ રોવર, મર્સિડીઝ-મેબેક અને ડિફેન્ડર જેવી લક્ઝરી કારનો ભંડાર છે. હવે, એલોન મસ્કની પ્રિય ટેસ્લા સાયબરટ્રક તેમના કલેક્શનમાં જોડાઈ ગઈ છે.તાજેતરમાં, સંજય દત્ત મુંબઈમાં જોવા મળ્યો હતો, અને આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેનું કારણ તેની નવી કાર છે. વીડિયોમાં, સંજય દત્ત મુંબઈની શેરીઓમાં ટેસ્લા સાયબરટ્રક ચલાવતો જોવા મળે છે, જે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ



એલોન મસ્કના પ્રિય છે. જોકે, એવી ચર્ચા છે કે સંજુ બાબાએ ટેસ્લા સાયબરટ્રક ખરીદી છે. આ કાર હજુ સુધી ભારતમાં સત્તાવાર રીતે લોન્ચ થઈ નથી, તેથી મુંબઈની શેરીઓમાં તેનો દેખાવ ચર્ચાનો વિષય બની રહ્યો છે.ટેસ્લા સાયબરટ્રકની કિંમતની વાત કરીએ તો, આ ભવિષ્યવાદી કાર હજુ સુધી ભારતીય બજારમાં પ્રવેશી નથી. જોકે, જો ભારતમાં આયાત કરવામાં આવે તો, તેના ડ્યુઅલ-મોટર છ઼ઉઢ વેરિઅન્ટની કિંમત ૧.૫૦ કરોડથી ૧.૮૦ કરોડ અને ટ્રિપર મોટર વેરિઅન્ટની કિંમત ૨.૧૦ થી ૨.૫૦ કરોડની વચ્ચે હોઈ શકે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | વિ | જ્ઞા | ન | આ | વા | ન | ન | વિ | ઊ | વિ | શિ |
| મ | ર | તુ | દ | ણ | મ | બા | ચા | બ | ર | ક્ષ | ઐ |
| ધ | ણ | ણે | હિ | ગ | મો | ર | ણિ | સા | ણ | દ | મો |
| લા | બા | ળ | વ | ર | ણા | ર | પ્ર | ર | મ | સા | અ |
| કા | ક | ત | પ્રા | ર | મો | ણ | ગી | ગી | લ | સ | ક્ષ |
| અં | શિ | કા | ળ | ર | ભો | કા | સ | સ | વા | વા | ર |
| ગ | ક્ષ | ગ | ક | લ | ણા | ર | ફ | રા | દ | ક | કા |
| કુ | ક | રા | ઓ | બા | ત | હા | આ | બા | લી | રો | ભો |
| લી | તુ | બ | ર | રી | શ | ર | સ | જ | ન | ઉ | ગ |
| અ: | પ્ર | સા | ઈ | લ | મા | બં | ર | મા | હિ | ધ | મ |
| કા | ખ | બ | ળો | બ | ડી | ધ | વા | ળ | આ | અં | સ |
| અ | કા | ભો | સ | વિ | ક | ડો | ળો | જ્ઞા | ળ | ભ | લા |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ધુવાવ ખસ્ટ રિફ્રેશમેન્ટ ટ્રેનિંગ કેમ્પ યોજાયો





જામનગર : જામનગર નજીક ધુવાવ સ્થિત ગ્રામ્ય સ્વરોજગાર તાલીમ કેન્દ્રમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના તમામ ટ્રેનરો માટે રિફ્રેશમેન્ટ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગમાં અલગ–અલગ વિષયો અને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સવારે પ્રેક્ટીકલ સેશનથી કરવામાં આવી હતી. સવારે ૧૦ વાગ્યે રોગોની મુક્તિ માટે યોગાસનો કેવી રીતે અસરકારક બની શકે, તેમજ વિવિધ રોગોને અટકાવવા યોગની ભૂમિકા વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ સત્રમાં આયુર્વેદ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રિન્સિપલ ડૉ. ગીરીરાજસિંહ તથા સમર્પણ હોસ્પિટલના ડો. ધ્યુતિ પંડ્યા દ્વારા યોગ અને આરોગ્ય વિષયક અદભુત તથા ઉપયોગી જ્ઞાન તમામ ટ્રેનરોને આપવામાં આવ્યું હતું.

ટ્રેનિંગ દરમિયાન તમામ ટ્રેનરો માટે સવારે નાસ્તો, બપોરનું ભોજન તેમજ સાંજે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ રિફ્રેશમેન્ટ ટ્રેનિંગથી તમામ ટ્રેનરોને નવું જ્ઞાન પ્રાપ્ત થયું તેમજ યોગ શિક્ષણમાં વધુ પ્રેરણા અને ઉત્સાહનો અનુભવ થયો હોવાનું ટ્રેનરો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જામનગર જિલ્લાના કોર્ડિનેટર હર્ષિતા મહેતાની અધ્યક્ષતામાં યોજાયેલા સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન બદલ ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરની ચાર કેડેટ્સ જયપુર આર્મી ડે પરેડમાં સામેલ



જામનગર : ભારતીય થલસેનાના ગૌરવ અને સાહસને પ્રદર્શિત કરતી પરેડ આર્મી ડેના રોજ જયપુર ખાતે ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી હતી.

આ આર્મી ડે પરેડમાં ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ-હરિયાણા - હિમાચલ તેમજ રાજસ્થાન એનસીસી ડાયરેક્ટરેટના કેડેટસે ભાગ લીધો હતો. જેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર અંતર્ગતના ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના તોલાણી કોમર્સ કોલેજ ભુજની ચાર કેડેટ્સે ગૌરવપૂર્ણ રીતે ભાગ લીધો હતો.

સિનિયર અન્ડર ઓફિસર જાડેજા હીનાબા અનિરુદ્ધસિંહ, કેડેટ પ્રજાપતિ નિકિતા કરશનભાઈ, કેડેટ ગોસ્વામી નંદની સુરેશગીરી અને કેડેટ બાલિયા રિયા હિતેશભાઈ જયપુરની આર્મી ડે પરેડની ગૌરવપૂર્ણ ક્ષણોમાં સંમિલિત રહ્યા હતા.

૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે આ તમામ કેડેટ્સને આર્મી ડે પરેડમાં ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને રાષ્ટ્ર સેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## ધરમપુર દાંતા ટોલનાકા ખાતે નેશનલ હાઈવે પર સલામતી માટે હેલ્મેટ વિતરણ કરાઈ



દ્વારકા : વર્ષ ૨૦૨૬ના પ્રથમ દિવસે નાગરિકોમાં માર્ગ સલામતી માટે જાગૃતતા કેળવાઈ તેવા ઉમદા આશયથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ડિસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમિટી સભ્યો દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા સ્થિત ધરમપુર - દાંતા ટોલ નાકા ખાતે વાહનચાલકોને હેલ્મેટ વિતરિત કરી માર્ગ સલામતી અંગેની સમજ પૂરી પાડવામાં આવી હતી. આ તકે પ્રાંત અધિકારી કે.કે.કરમટા સહિત ડિસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમિટીના સભ્યો તથા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રોલ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૮ જાન્યુઆરીએ યોજાશે

જામનગર : ''સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ''ની રાજ્ય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ ''તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ'' યોજવાનું સૂચન કર્યું છે.

જે અનુસાર ધ્રોલ તાલુકામાં સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮-૦૧-૨૦૨૬ના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી મુખ્ય કારોબારી અધિકારી જાડાના અધ્યક્ષસ્થાને મદદનીશ કલેકટર કચેરી ધ્રોલના મિટિંગ હોલમાં યોજવામાં આવશે.

તેથી આગામી તા.૨૨-૧-૨૦૨૬ પહેલા અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ધ્રોલને મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ અત્રે જણાવેલી તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. જે અન્વયે, (૧) તાલુકા કક્ષાએ તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ, અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલી હોવી જોઈએ. તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે. (૨) કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકાર ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ. (૩) કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે. (૪) કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહીં. (૫) તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરતાં પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ્યકક્ષાના પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકશ્રીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ. ધ્રોલ તાલુકાના નાગરિકોને તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે મામલતદાર, ધ્રોલની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

## પૂર્વ કૃષિમંત્રી અને બિલ્ડરને બદનામ કરવાના પ્રકરણમાં વધુ એકની ધરપકડ



જામનગર : જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પૂર્વ કૃષિમંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને પોતાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની આ.ઈડી. ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી.

આ ઉપરાંત જામનગરના અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં સૌ પ્રથમ હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જે બંનેને રિમાન્ડ પર લીધા બાદ હાલ બંનેને જેલ હવાલે કરી દેવાયા છે, જ્યારે આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે અગાઉ પકડાયેલા આરોપી પોતાના પિતા હેમતલાલ કણસાગરાને જામીન પર છોડાવવા માટે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન જામનગર સાઈબર પોલીસ સ્ટેશનની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો છે, જેને અદાલત સમક્ષ રજુ કરી આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે.

પોલીસ દ્વારા તેના બે મોબાઈલ ફોન વગેરે કબજે કરવામાં આવ્યા છે, અને ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે. જેમાં તેને જામનગર પંથકની તમામ માહિતી ધ્રોલમાં રહેતો રાજેન્દ્રસિંહ સોલંકી નામના સાગરીત પુરી પાડતો હોવાનું કબૂલ્યું હતું.

જેથી જામનગર સાઈબર ક્રાઈમ પોલીસ ની ટીમે ધ્રોળના વતની રાજેન્દ્રસિંહ સોલંકીની ધરપકડ કરી લીધી છે, અને અદાલત સમક્ષ રજૂ કરી તેને પણ બે દિવસના રિમાન્ડ પર લીધો છે. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં કુલ ચાર આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે, અને પાંચ મોબાઈલ ફોન કબજે કરી લેવાય છે. જે તમામની ડીટેલ મેળવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

## ઓખામાં આવતીકાલે શ્રી રામદેવજી મહારાજનો પાટોત્સવ અને લોકડાયરો



ઓખા : ઓખાનાં સાગર ભુવન ખાતે આગામી ૨૦ જાન્યુઆરીને મંગળવારે શ્રી રામદેવજી મહારાજ નો પાટોત્સવ,લોકડાયરો અને પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. લોકડાયરામાં મહેશ્વરી વાઝા (બાળ કલાકાર),મેનાબેન વાઝા જગદીશ જોશી,મિયાઝરભા સુમણિયા,મનુ મહારાજ અને દિનેશ બારૈયા જેવા કલાકારો સંગીતમય શૈલી માં ભજન દુહા છંદ ની રમઝટ બોલાવશે. આ સમગ્ર આયોજન ખારવા સમાજનાં સભ્યો દ્વારા કરાયેલ છે.

## જામનગરમાં ક્રિકેટના સટ્ટામાં એક વર્ષથી ફરાર આરોપીને ઝડપાયો

જામનગર : જામનગરમાં ક્રિકેટના સટ્ટાના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસ્તા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક વર્ષ પહેલાં ક્રિકેટના સટ્ટાનો ગુનો નોંધાયો હતો.જે ગુનામાં એક વર્ષથી નાસતા-ફરતા આરોપી રાજકોટના વતની વિરભદ્રસિંહ ઉર્ફે વિરુભા દિલાવરસિંહને રાજકોટથી પકડી પાડવામા આવ્યો છે. અને જરૂરી કાર્યવાહી માટે સીટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે.



આ કામગીરી પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર પી.એન. મોરી તથા તેઓના સ્ટાફ દ્વારા કરવામા આવી હતી.

## જામનગર પત્રકાર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો






જામનગર : જામનગર શહેરના પત્રકારત્વ ક્ષેત્રે ૫૦ વર્ષ થી કાર્યરત અને સૌથી જૂની સંસ્થા એવી જામનગર પત્રકાર મંડળ દ્વારા મંડળ ના સભ્યો ના તેજસ્વી વિધાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગર શહેરમાં આતિથ્ય રેસ્ટોરન્ટ ખાતે આયોજિત આ સન્માન સમારોહમાં ધોરણ ૧ થી ૧૨ અને તેનાથી પણ ઉચ્ચ અભ્યાસમાં સારું પરિણામ લાવનાર ૧૮ જેટલા વિદ્યાર્થીઓને સન્માન પત્ર અને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. વિનોદભાઈ ભંડેરી, શહેર અધ્યક્ષા બીનાબેન કોઠારી, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ જેઠવા અને મેરામણભાઈ ભાટુ, જામનગર પત્રકાર મંડળના પ્રમુખ ભરતભાઈ રાવલ, ઉપપ્રમુખ સંજયભાઈ જાની, મંત્રી કિંજલભાઈ કારસરીયા, ખજાનચી સુચિતભાઈ બારડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મંડળના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# સમૂહભોજનમાં ૧૮ હજારથી વધુ આહીર જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કરી શિસ્તતાના દર્શન કરાવ્યા

### મોટી સંખ્યામાં લોકોએ આશરાનો ધર્મ આહીર નાટક હોંશભેર નિહાળ્યું, ૩૫૨ બોટલ જેટલું ધીંગુ રક્તદાન

જામનગર : જામનગર આહીર સમાજને આંગણે આહીર યુવા ગ્રુપ દ્વારા આયોજિત મકરસંક્રાંતિના અવસરે સમૂહભોજન, રક્તદાન કેમ્પ અને આશરાનો ધર્મ આહીર ઐતિહાસિક નાટકની પ્રસ્તુતિ સહિતના કાર્યક્રમ ઉજવાયા હતાં. સંસ્કૃતિ, સેવા, સંગઠન અને ઈતિહાસના સમન્વય સમાન ત્રિવેણી સંગમ કાર્યક્રમ ઉજવાયો હતા. 'અન્ન ભેગા તેના મન ભેગા'ના ભાવ સાથે સમૂહભોજનમાં અંદાજિત ૧૮ હજારથી વધુ જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કરી શિસ્તતાના દર્શન કરાવ્યા હતા.

જામનગર આહીર સમાજ અને આહીર યુવા ગુપ દ્વારા આગામી તા. ૧૪-૧-૨૦૨૬ ને બુધવાર, મકરસંક્રાંતિના પાવન પર્વ પર સમૂહભોજન અને રક્તદાન કેમ્પ સાથે આશરા ધર્મની ઐતિહાસિક ગૌરવવંતી જીવનગાથા આધારિત સિનેમેટિક મેગા નાટક આશરાનો ધર્મ આહીર નાટક પ્રસ્તુત કરવા સહિતના ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમ ઉજવાયા હતા. જેમાં સાંસદ શ્રી પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરા, પૂર્વસાંસદ વિક્રમભાઈ માડમ, ધારાસભ્ય શ્રી હેમંતભાઈ ખવા, સમાજના પીઢ અગ્રણી ભીખુભાઈ વારોતરીયા, આહિર સમાજના પ્રમુખ રણમલભાઈ કાંબરિયા, મુળુભાઈ કંડોરીયા, પ્રવીણભાઈ માડમ, કરસનભાઈ કરમુર, દેવશીભાઈ પોસ્તરિયા, લખમણભાઈ બોદર, રામદે ભાઈ કંડોરીયા, મારખીભાઈ વસરા, મેરામણભાઈ ભાટુ, વશરામભાઈ રાઠોડ, સંજય ભાઈ મૈયડ, એડવોકેટ વી.એચ.કનારા, હરદાસભાઈ કંડોરીયા, હેમંતભાઈ અંબાલિયા, કોર્પોરેટર કિસનભાઈ માડમ, રાહુલ બોરીચા, જ્યોતિબેન ભારવાડિયા અને અમિતાબેન બંધિયા મહિલા પ્રમુખ વીંજીબેન ભાદરકા, યદુવંશી પરિવારના રમેશ ચાવડા સહિતના અગ્રણીઓના હસ્તે રક્તદાન કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં જામનગર શહેરના ખૂણે ખૂણેથી સમાજના યુવાઓ અને આગેવાનો ઉમટી પડ્યા હતા. મહામૂલી માનવ જિંદગી બચાવવાના ઉદેશ સાથે ૩૫૨ બોટલ જેટલું ધીંગુ રક્તદાન થાયુ હતું.

ત્યારબાદ દર વખતની માફક આ વખતે પણ પરંપરાગત રીતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિસ્તબધ રીતે ૧૮,૦૦૦ થી વધુ જ્ઞાતિજનો એ પ્રસાદ ગ્રહણ કરી આહીર સમાજની પરંપરાને સવાઈ કરી હતી. આ કાર્યક્રમ સમાજ અને રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ બને તેવા લક્ષ્ય સાથે “આહીર વીર દેવાયત બોદર" ના આશરા ધર્મની ઐતિહાસિક ગૌરવવંતી જીવનગાથા આધારિત સિનેમેટિક મેગા નાટક "આશરાનો ધર્મ આહીર"નો પણ રાત્રે ૯: ૩૦ કલાકે યોજાયો હતો. માલદેભાઈ આહીર, કસુંબલ કલાવૃંદ - ઉપલેટા દ્વારા જામનગરની ધરતી પરના પ્રસ્તુત થયેલા આ ઐતિહાસિક નાટકને મોટી સંખ્યામાં લોકોએ ખુમારી સાથે નિહાળ્યું હતું.

જામનગર આહીર યુવા ગ્રુપના કાનભાઈ કરંગીયા, હિતેશ ગાગલીયા, રાજુ ચોચા, રામસી કંડોરીયા, જેસા ચાવડા, સામત જોગલ, ભરત બૈડિયાવાદર,નિલેશ કનારા, અનિલ કંડોરીયા, વિજય કરમુર,જયેશ નંદાણીયા,હિતેશ કનારા, દેવા બંધિયા, નિલેશ કંડોરીયા, નારણભાઈ પોપાનિયા,લખન ડાંગર, દિપક ઝાટીયા,હેમન ચાવડા,વિજય બોદર, લાલાભાઈ, સંજય રાવલિયા, રાજુ અંબાલિયા,મહેશ ડાંગર, સહિતનાએ આ ત્રિવિધ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. તેમ આહીર યુવા ગ્રુપ પ્રમુખ સંજય કાંબરીયા અને મીડિયા ઈન્ચાર્જ સુરેશ વસરા તેમજ મહેશ નંદાણીયાની યાદીમાં જણાવ્યું છે.



# સમાજમાં જાતિવાદી ભેદભાવ દૂર કરવા જાતિવાદી માનસ બદલવું પડશે : સંઘવડા મોહન ભાગવત

## ભાગવતે સંઘનો ઉદ્દેશ્ય ભારત અને દરેક સમાજને તેના સર્વોત્તમ ગૌરવ સુધી લઈ જવાનો મત વ્યક્ત કર્યો

નવી દિલ્હી,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે સમાજમાં જે ભેદભાવ વ્યાપેલો છે તેના મુદ્દે મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. મોહન ભાગવતનું કહેવું છે કે, જો જાતિવાદી ભેદભાવ દૂર કરવા હોય તો પહેલા જાતિને ખતમ કરવી પડશે.

સંઘના પ્રમુખે આરએસએસના શતાબ્દી વર્ષ નિમિત્તે એક સંગોષ્ટી દરમિયાન આ નિવેદન આપ્યું છે. આ કાર્યક્રમમાં મોહન ભાગવતે લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં મોહન ભાગવતે ખાસ જાતિવાદને દૂર કરવા પર ભાર મૂક્યો છે.



મોહન ભાગવત સાથે પ્રાંતીય સંઘચાલક અનિલ ભાલેરાવ પણ મંચ પર જોવા મળ્યાં હતા. તેમણે કહ્યું હતું કે પહેલા જાતિનો સંબંધ માત્ર કામ અને વ્યવસાય માટે હતો, પરંતુ હવે જાતિએ સમાજમાં ફેલાઈ અને ભેદભાવનું કારણ બની અને તેના કારણે જ ભેદભાવ વધ્યો હતો. મોહન ભાગવતે જાતિવાદી સમસ્યા અંગે લોકોને અપીલ કરતા કહ્યું હતું કે, તેને તમારા મનથી કાઢી નાખો, કારણ કે ભારતમાં જાતિવાદનું દૂષણ કેટલું ફેલાઈ રહ્યું છે તેનાથી લોકો માહિતગાર છે. આ દૂષણને ડામવા માટે સરકારે પણ અનેક પ્રયત્નો કર્યા છે, અનેક સમાજસુધારકોએ પણ પ્રયત્નો કર્યાં છે. પરંતુ કઈ ખાસ બદલાવ આવ્યો નથી.

મોહન ભાગવતે જાતિવાદની સમસ્યા પર વાત કરતા લોકોને પણ અપીલ કરી હતી કે, તેઓ હવે જાતિને મનમાંથી કાઢી નાખો! તેમણે કહ્યું કે, આ ભેદભાવને ખતમ કરવો હોય તો પહેલા જાતિવાદને મનમાંથી હટાવવો પડશે. જો આ વાતનો ઈમાનદારીથી સ્વીકાર કરવામાં આવશે તો માત્ર ૧૦થી ૧૨ જ વર્ષમાં જાતિવાદ સમાપ્ત થઈ જશે.

આ સાથે ભારતના ભાવિ વિશે વાત કરતા સંઘ પ્રમુખે કહ્યું કે, આરએસએસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને તેનું સર્વોત્તમ ગૌરવ અપાવવાનો છે. આમાં સમાજનો પણ સાથે લઈને ચાલવાનું છે. સંઘ વ્યક્તિના ચારિત્ર્ય નિર્માણથી શ્રેષ્ટ રાષ્ટ્ર નિર્માણ કરવા માટે કામ કરે છે. તે કોઈની પ્રતિક્રિયામાં સ્થાપિત સંસ્થા નથી અને ના કોઈની સાથે સ્પર્ધા કરે છે.

સંઘના પ્રમુખ મોહન ભાગવતે વધુમાં કહ્યું કે, સંઘનો ઉદ્દેશ્ય ભારત અને દરેક સમાજને તેના સર્વોત્તમ ગૌરવ સુધી લઈ જવાનો છે. સંઘ ક્યારે પોતાનો મોટું કરવા માટે કામ કરતું નથી, સંઘ હંમેશા સમાજને મોટો કરવા માંગે છે. વધુમાં કહ્યું કે, જો લોકો સંઘને સમજવા માંગે છે તો પછી તેમણે પહેલા સંઘની શાખાઓમાં જવું જોઈએ.

# દિલ્હીમાં સંયુક્ત પોલીસ ઓપરેશનમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના વોન્ટેડ શૂટરની ધરપકડ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ અને રાજસ્થાન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા એક વોન્ટેડ શૂટરની ધરપકડ કરવામાં આવી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આરોપીની ઓળખ પ્રદીપ શર્મા ઉર્ફે ગોલુ (૨૩) તરીકે થઈ છે, જે આગ્રાનો રહેવાસી છે. તેને પશ્ચિમ દિલ્હીના ઉત્તમ નગરમાંથી પકડવામાં આવ્યો હતો અને તે રાજસ્થાનના ગંગાનગર જિલ્લામાં નોંધાયેલા બે ગંભીર ગુનાહિત કેસોમાં વોન્ટેડ હતો.

આરોપી ગેરકાયદેસર શસ્ત્રો અને દારૂગોળો સપ્લાય કરતો હોવાનું જાણવા મળ્યું હતું

પોલીસના જણાવ્યા અનુસાર, શર્મા પર એક વેપારી પાસેથી ૪ કરોડ રૂપિયાની ખંડણી માંગવાનો આરોપ છે. જયારે ખંડણી ચૂકવવામાં ન આવી ત્યારે તેણે મે ૨૦૨૫ માં વેપારીના નિવાસસ્થાને ગોળીબાર કર્યો હતો, જેમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યો સાથે સંકલન કરીને કામ કર્યું હતું.

તપાસકર્તાઓએ વધુમાં જણાવ્યું હતું કે શર્મા લોરેન્સ બિશ્નોઈ ગેંગને ગેરકાયદેસર શસ્ત્રો અને દારૂગોળો સપ્લાય કરવામાં સક્રિય રીતે સામેલ હતો. ઓપરેશન દરમિયાન, પોલીસે શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો, જે મુખ્ય શસ્ત્ર સપ્લાયર તરીકે તેની ભૂમિકાની પુષ્ટિ કરે છે.

આરોપી સામે આર્મ્સ એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (મ્દ્રજી) ની વિવિધ કલમો હેઠળ અનેક કેસ નોંધવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી એન્ટી-ગેંગસ્ટર સ્ક્વોડ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

રાજસ્થાન પોલીસે શર્માને વધુ તપાસ માટે અને તેના વ્યાપક નેટવર્ક અને સંગઠિત ગુના સિન્ડિકેટ સાથેના સંબંધોની તપાસ માટે કસ્ટડીમાં લીધો છે.

**લોરેન્સ બિશ્નોઈ કોણ છે?**

લોરેન્સ બિશ્નોઈ એક કુખ્યાત ગેંગસ્ટર છે. તેનો જન્મ ૧૨ ફેબ્રુઆરી, ૧૯૯૩ ના રોજ પંજાબના ફાઝિલકા જિલ્લાના દુતારનવાલી ગામમાં થયો હતો. તે કોલેજના દિવસોમાં વિદ્યાર્થી રાજકારણમાં સક્રિય હતો, પરંતુ બાદમાં ગુનાની દુનિયામાં જોડાયો અને ધીમે ધીમે ગુનાહિત અંડરવર્લ્ડમાં પ્રખ્યાત થયો.

તે ૨૦૧૫ થી સતત જેલમાં છે, અને એવો આરોપ છે કે તે ગુનાહિત દુનિયાનો મુખ્ય સૂત્રધાર છે અને જેલના સળિયા પાછળ રહીને કાર્ય કરે છે. લોરેન્સ પર પ્રખ્યાત ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા (૨૦૨૨)નો પણ આરોપ છે.

# શેડોફેક્સ ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૨૦ જાન્યુઆરીએ ખુલશે




શેડોફેક્સ ટેક્નોલોજીસ લિમિટેડ નો ઈશ્યૂ આવતી કાલ થી ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૧૮થી રૂ ૧૨૪ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૧૨૦ ઈકવિટી શેર અને ત્યારબાદ ૧૨૦ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૨૦ જાન્યુઆરી ના રોજ ખુલશે અને ૨૨ જાન્યુઆરી ના રોજ બંધ થશે.

# ગ્રીનલેન્ડની 'ખરીદી'ની ઈચ્છાનો વિરોધ કરવા બદલ ૮ યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાની ટ્રમ્પની પ્રતિજ્ઞા

## અમેરિકન પ્રમુખનો ટેરીફ મામલે વધુ એક મોટો નિર્ણય! અમેરિકાનું પગલું "સંપૂર્ણપણે ખોટું" છેઃ યુકે

વોશિંગટન,

યુ.એસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન સાથીઓ પર ગ્રીનલેન્ડ ખરીદવાની મંજૂરી ન મળે ત્યાં સુધી ટેરિફ વધારવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેનાથી ડેનમાર્કના વિશાળ આર્કટિક ટાપુના ભવિષ્ય પર વિવાદ વધ્યો છે.

ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ્સ, ફિનલેન્ડ અને ગ્રેટ બ્રિટનના માલ પર ૧ ફેબ્રુઆરીથી વધારાના ૧૦% આયાત ટેરિફ લાગુ થશે - આ બધા પહેલાથી જ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને આધીન છે.

ટ્રમ્પે લખ્યું કે, ૧ જૂનથી તે ટેરિફ ૨૫% સુધી વધી જશે અને જ્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રીનલેન્ડ ખરીદવા માટે સોદો ન કરે ત્યાં સુધી ચાલુ રહેશે.

ટ્રમ્પે વારંવાર આગ્રહ કર્યો છે કે તેઓ ડેનમાર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડની માલિકી સિવાય કંઈપણ માટે સમાધાન કરશે નહીં. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેના નેતાઓએ આગ્રહ કર્યો છે કે આ ટાપુ વેચાણ માટે નથી અને યુનાઈટેડ સ્ટેટ્સનો ભાગ બનવા માંગતો નથી.

આ અઠવાડિયે યુએસ રહેવાસીઓના રોઈટર્સ/ઈપ્સોસ મતદાનમાં જાણવા મળ્યું છે કે પાંચમાંથી એક કરતા પણ ઓછા ઉત્તરદાતાઓ ગ્રીનલેન્ડ હસ્તગત કરવાના વિચારને સમર્થન આપે છે.

ટ્રમ્પ ગ્રીનલેન્ડને સુરક્ષા અને ખનીજો માટે ઈચ્છે છે

રાષ્ટ્રપતિએ વારંવાર કહ્યું છે કે ગ્રીનલેન્ડ તેના વ્યૂહાત્મક સ્થાન અને વિશાળ ખનિજ ભંડારને કારણે યુએસ સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે, અને તેને કબજે કરવા માટે બળનો ઉપયોગ કરવાનો ઈનકાર કર્યો નથી. યુરોપિયન રાષ્ટ્રોએ આ અઠવાડિયે ડેનમાર્કની વિનંતી પર ટાપુ પર લશ્કરી કર્મચારીઓ મોકલ્યા છે.

"આ ખૂબ જ ખતરનાક રમત રમી રહેલા આ દેશોએ એક સ્તરનું જોખમ ખેડ્યું છે જે ટકાઉ કે ટકાઉ નથી," ટ્રમ્પે લખ્યું.

ડેનમાર્ક અને ગ્રીનલેન્ડમાં વિરોધીઓએ શનિવારે ટ્રમ્પની માંગણીઓ સામે પ્રદર્શન કર્યું અને આ પ્રદેશને તેનું ભવિષ્ય નક્કી કરવા માટે છોડી દેવાની હાકલ કરી.

# યુ.એસનો સીરિયામાં મોટો હુમલો; ISIS સાથે જોડાયેલા અલ-કાયદાના નેતાનું મોત

## અમેરિકાએ સીરિયામાં ફરી એક વખત બદલો લેવા માટે હુમલો કર્યો

વોશિંગટન,

અમેરિકાએ સીરિયામાં બદલો લેવા માટે વધુ એક હુમલા શરૂ કર્યા, જેમાં અલ-કાયદા સાથે જોડાયેલા એક નેતાની હત્યા કરવામાં આવી, જે અધિકારીઓનું કહેવું છે કે તેનો સીધો સંબંધ ઈસ્લામિક સ્ટેટ (ISIS) ના સભ્ય સાથે હતો જે ગયા મહિને દેશમાં થયેલા હુમલા માટે જવાબદાર હતો જેમાં બે અમેરિકન સૈનિકો અને એક અમેરિકન નાગરિક દુભાષિયાનું મોત થયું હતું.

અલ-કાયદા સાથે જોડાયેલા નેતાની હત્યા

યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે શુક્રવારે ઉત્તરપશ્ચિમ સીરિયામાં થયેલા હુમલામાં બિલાલ હસન અલ-જાસીમનું મોત થયું હતું, જે તેઓ દાવો કરે છે કે "એક અનુભવી આતંકવાદી નેતા હતો જેણે હુમલાનું કાવતરું ઘડ્યું હતું અને ૧૩ ડિસેમ્બરના હુમલા સાથે સીધો જોડાયેલો હતો" જેમાં સાર્જન્ટ એડગર બ્રાયન ટોરેસ-ટોવર, સાર્જન્ટ વિલિયમ નાથાનીએલ હોવર્ડ અને નાગરિક દુભાષિયા અયાદ મન્સૂર સકાતની હત્યા કરવામાં આવી હતી.

"યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ ૧૬ જાન્યુઆરીના રોજ ઉત્તરપશ્ચિમ સીરિયામાં એક હુમલો કર્યો હતો, જેમાં અલ-કાયદા સાથે સંકળાયેલા એક નેતાનું મોત થયું હતું, જેનો ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બે યુએસ સર્વિસ સભ્યો અને એક અમેરિકન દુભાષિયાના મોત માટે જવાબદાર ISIS આતંકવાદી સાથે સીધો સંબંધ હતો. બિલાલ હસન અલ-જાસીમ એક અનુભવી આતંકવાદી નેતા હતો જેણે હુમલાઓનું કાવતરું ઘડ્યું હતું અને ગયા મહિને સીરિયાના પાલમિરામાં અમેરિકન અને સીરિયન કર્મચારીઓને માર્યા અને ઘાયલ કરનારા ISIS બંદૂકધારી સાથે સીધો સંબંધ હતો," યુએસ સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું.

અમેરિકનો પર હુમલાનું કાવતરું ઘડનારા અથવા પ્રેરિત કરનારાઓ માટે કોઈ સુરક્ષિત સ્થાન નથી

"ત્રણ અમેરિકનોના મૃત્યુ સાથે જોડાયેલા આતંકવાદી કાર્યકર્તાનું મૃત્યુ આપણા દળો પર હુમલો કરનારા આતંકવાદીઓનો પીછો કરવાના અમારા દળના દળના દૃઢ નિશ્ચયને દર્શાવે છે," સેન્ટકોમ કમાન્ડર એડમિરલ બ્રેડ કૂપરે એક નિવેદનમાં જણાવ્યું હતું. "અમેરિકન નાગરિકો અને આપણા યુદ્ધ લડવૈયાઓ પર હુમલાઓનું આયોજન કરનારા, કાવતરું ઘડનારા અથવા પ્રેરિત કરનારાઓ માટે કોઈ સુરક્ષિત સ્થાન નથી. અમે તમને શોધીશું."

# ઝડપી ટ્રાયલ શક્ય ન હોય તો જામીન અધિકાર હોવો જોઈએ: ભૂતપૂર્વ CJI ચંદ્રચુડ

## રાહત આપતા પહેલા રાષ્ટ્રીય સુરક્ષા સંકળાયેલા કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવી એ કોર્ટની ફરજ

નવી દિલ્હી,

ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) ધનંજય યશવંત ચંદ્રચુડે રવિવારે કહ્યું કે દોષિત ઠેરવવામાં આવે તે પહેલાં જામીન આપવો એ અધિકારનો વિષય હોવો જોઈએ, જ્યારે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી રાહત આપતા પહેલા રાષ્ટ્રીય સુરક્ષા સંકળાયેલા કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવી એ કોર્ટની ફરજ છે.

તેમણે ચાલુ જયપુર સાહિત્ય મહોત્સવમાં વરિષ્ઠ પત્રકાર વીર સંઘવીના પ્રશ્નના જવાબમાં આ ટિપ્પણી કરી હતી, જેમણે તાજેતરમાં ૨૦૨૦ના દિલ્હી રમખાણોના કાવતરા કેસમાં કાર્યકર ઉમર ખાલિદની જામીન અરજી સુપ્રીમ કોર્ટે નકારી કાઢવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

ખાલિદ અને સાથી કાર્યકર શરજીલ ઈમામ ૨૦૨૦ થી જેલમાં છે. બંનેને જામીન આપવાનો ઈનકાર કરતા, ૫ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે તેઓ ઉત્તરપૂર્વ દિલ્હી રમખાણોના "આયોજન, ગતિશીલતા અને વ્યૂહાત્મક દિશામાં" સામેલ હતા.

"બંધારણ સમક્ષ જામીન એ અધિકારનો વિષય હોવો જોઈએ. આપણો કાયદો એક ધારણા પર આધારિત છેઃ દરેક આરોપી જ્યાં સુધી ટ્રાયલ દરમિયાન દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. ટ્રાયલ પહેલાં અટકાયત સજાનું સ્વરૂપ હોઈ શકે નહીં. જો કોઈને ટ્રાયલ પહેલાં પાંચથી સાત વર્ષની જેલ થાય અને પછી આખરે નિર્દોષ છૂટી જાય, તો તમે તે ગુમાવેલા સમયની ભરપાઈ કેવી રીતે કરશો?" ચંદ્રચુડે 'આઈડિયાઝ ઓફ જસ્ટિસ' સત્ર દરમિયાન કહ્યું.

વિવિધ કેસોના ઉદાહરણો આપતા, ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશએ કહ્યું કે જો એવી શક્યતા હોય કે આરોપી "ગુનો ફરીથી કરી શકે છે, પુરાવા સાથે છેડછાડ કરી શકે છે અથવા ભાગી શકે છે" તો જામીન નામંજૂર કરી શકાય છે.

"જો આ ત્રણ આધારો હાજર ન હોય, તો જામીન મંજૂર કરવા જોઈએ. મને લાગે છે કે જ્યાં રાષ્ટ્રીય સુરક્ષા સંકળાયેલી હોય, ત્યાં કોર્ટની ફરજ છે કે તે કેસની ઊંડાણપૂર્વક તપાસ કરે. નહિંતર, જે થઈ રહ્યું છે તે એ છે કે લોકો વર્ષો સુધી કેદમાં રહે છે," તેમણે કહ્યું.

"હવે, ભારતમાં ફોજદારી ન્યાય વહીવટની એક ગંભીર સમસ્યા એ છે કે આપણા કેસ ચલાવવામાં આવતી કાર્યવાહી વાજબી સમયગાળામાં પૂર્ણ કરવામાં અસમર્થ છે. જો એમ હોય, તો તમારો એક મૂળભૂત અધિકાર છે જે જીવનનો અધિકાર છે. કલમ ૨૧ માં ઝડપી ટ્રાયલનો અધિકાર શામેલ છે.

# ઈરાનમાં અશાંતિનો માહોલ યથાવત રહેતા ઓછામાં ઓછા ૫,૦૦૦ લોકો માર્યા ગયા

**ઈરાનમાં ચાલી રહેલા હિંસક પ્રદર્શનો મામલે ખામેનીએ રૂમ્પને દોષી ગણ્યા**

તેહરાન,

ઈરાનમાં છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં ઓછામાં ઓછા ૫,૦૦૦ લોકોના મોત થયા છે, જેમાં ૫૦૦ સુરક્ષા કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે, એમ રવિવારે એક ટોચના ઈરાની અધિકારીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે દેશના ઉત્તર-પશ્ચિમ પ્રદેશમાં કુર્દિશ પ્રદેશમાં સૌથી ભયંકર અથડામણો નોંધાઈ છે, જ્યાં કુર્દિશ અલગતાવાદીઓ અને સરકારી દળો વચ્ચેની અથડામણો વચ્ચે તણાવ વધી રહ્યો છે.

નામ ન આપવાની શરતે મીડિયા સૂત્રો સાથે વાત કરતા, અધિકારીએ દાવો કર્યો હતો કે મૃત્યુઆંક "આતંકવાદીઓ અને સશસ્ત્ર તોફાનીઓ" ના કારણે વધારે છે, જેઓ "નિર્દોષ ઈરાનીઓ" ને મારી રહ્યા છે. અધિકારીએ આરોપ લગાવ્યો હતો કે આ આતંકવાદીઓને ઈઝરાયલ અને અન્ય સશસ્ત્ર જૂથો દ્વારા ટેકો આપવામાં આવી રહ્યો છે. જો કે, તેમણે નોંધ્યું હતું કે "અંતિમ સંખ્યામાં તીવ્ર વધારો થવાની અપેક્ષા નથી".

ઈરાનમાં ડિસેમ્બરમાં ઊંચી ફુગાવા અને ઈસ્લામિક રાષ્ટ્રની કથળતી અર્થવ્યવસ્થાને કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. ઘણા વિશ્લેષકો તેને ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી ઈરાનમાં સૌથી ભયંકર અશાંતિ માને છે જેના કારણે શાહ મોહમ્મદ રેઝા પહલવીને દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી હતી.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ પશ્ચિમી દેશો, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) ને અશાંતિ માટે દોષી ઠેરવ્યા છે, જેના કારણે તેમણે દાવો કર્યો છે કે હજારો લોકો મૃત્યુ પામ્યા છે.

શનિવારે એક ભાષણમાં, તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની ટિપ્પણીઓ અને "દેશદ્રોહી લોકોને" અશાંતિ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવા બદલ ચેતવણી પણ આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે અમેરિકાના "પાયદળ સૈનિકો" વિરોધ પ્રદર્શનોમાં સામેલ છે, મસ્જિદો અને શૈક્ષણિક કેન્દ્રોનો નાશ કરી રહ્યા છે.

મીડિયા સુત્રો દ્વારા ટાંકવામાં આવ્યા મુજબ, તેમણે કહ્યું, "અમે ઈરાની રાષ્ટ્ર પરના આરોપોને કારણે જાનહાનિ અને નુકસાનને કારણે અમેરિકી રાષ્ટ્રપતિને ગુનેગાર માનીએ છીએ." "લોકોને નુકસાન પહોંચાડીને, તેઓએ તેમાંથી ઘણા હજારો લોકોને મારી નાખ્યા."

એ નોંધવું જોઈએ કે ટ્રમ્પે વારંવાર ઈરાનમાં શાસન પરિવર્તનની હાકલ કરી છે અને તેના પર હુમલો કરવાની ચેતવણી પણ આપી છે.

"આ માણસ (ખામેની) એક બીમાર માણસ છે જેણે પોતાના દેશને યોગ્ય રીતે ચલાવવો જોઈએ અને લોકોને મારવાનું બંધ કરવું જોઈએ... નબળા નેતૃત્વને કારણે તેમનો દેશ વિશ્વમાં ક્યાંય પણ રહેવા માટે સૌથી ખરાબ સ્થળ છે. ઈરાનમાં નવા નેતૃત્વની શોધ કરવાનો સમય આવી ગયો છે," તેમણે પોલિટિકોને કહ્યું.

# ઈરાનમાં હવે નવા નેતૃત્વની શોધ કરવાનો સમય આવી ગયો છે : ટ્રમ્પ

વોશિંગટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના દાયકાઓથી ચાલતા શાસનનો અંત લાવવા હાકલ કરી છે, અને કહ્યું છે કે "ઈરાનમાં નવા નેતૃત્વની શોધ કરવાનો સમય આવી ગયો છે" કારણ કે દેશમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો વધી રહ્યા છે, જે વધતી જતી મોંઘવારી, આર્થિક મુશ્કેલીઓ અને શાસન પર વધતા લોકોના ગુસ્સાને કારણે છે.

પોલિટિકો સાથેની એક મુલાકાતમાં, યુએસ પ્રમુખે કહ્યું કે તેઓ તેહરાનના નેતૃત્વની ટીકા કરે છે, અને કહે છે કે તેઓ નિયંત્રણ જાળવવા માટે હિંસા અને દમન પર આધાર રાખે છે. "દેશના નેતા તરીકે તેઓ જે દોષિત છે તે દેશનો સંપૂર્ણ વિનાશ અને પહેલા ક્યારેય ન જોયેલા સ્તરે હિંસાનો ઉપયોગ છે," પોલિટિકોએ ટાંક્યા મુજબ ટ્રમ્પે કહ્યું.

"દેશને કાર્યરત રાખવા માટે - ભલે તે કાર્ય ખૂબ જ નીચું સ્તરનું હોય - નેતૃત્વએ તેના દેશને યોગ્ય રીતે ચલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જેમ હું યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કરું છું, અને નિયંત્રણ રાખવા માટે હજારો લોકોને મારવા નહીં," તેમણે ઉમેર્યું.

યુએસ પ્રમુખે વધુમાં નોંધ્યું કે "નેતૃત્વ" "ભય અને મૃત્યુ" પર નહીં, પરંતુ આદર પર બનેલ છે. ટ્રમ્પે ખામેનીની વ્યક્તિગત રીતે નિંદા કરતા તેમને "એક બીમાર માણસ જેમણે પોતાનો દેશ યોગ્ય રીતે ચલાવવો જોઈએ અને લોકોની હત્યા બંધ કરવી જોઈએ" ગણાવ્યા અને ઈરાનને "નબળા નેતૃત્વને કારણે વિશ્વમાં ક્યાંય પણ રહેવા માટે સૌથી ખરાબ સ્થળ" ગણાવ્યું, જેમ કે પોલિટિકો દ્વારા અહેવાલ છે.

ખામેનીએ અમેરિકાને અશાંતિ માટે દોષી ઠેરવ્યા

ટ્રમ્પે ઠ પર આયાતુલ્લા અલી ખામેનીએ શેર કરેલી પ્રતિકૂળ પોસ્ટ્સની શ્રેણી વિશે માહિતી આપ્યા બાદ આ ટિપ્પણી કરી, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતાએ ઈરાનમાં મૃત્યુ અને અશાંતિ માટે અમેરિકન રાષ્ટ્રપતિને દોષી ઠેરવ્યા હતા.

# જામનગરના હાપા જલારામ મંદિરે ૧૧૧ પ્રકારના રોટલાનો અન્નકૂટ ધરાયો

## રાગી, પાલક, સીતાફળ, સ્ટ્રોબેરી, ડ્રાયફ્રૂટના રોટલાએ આકર્ષણ જમાવ્યું, મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : દેને કો ટુકડા ભલા, લેને કો હરી નામ, સંત શિરોમણી પૂ. જલારામ બાપાએ ૧૮૭૬ થી શરુ કરેલા અન્નક્ષેત્ર સેવા યજ્ઞના પ્રેરણાના ભાગરૂપે જામનગરના હાપા જલારામ મંદિરના આંગણે દર વર્ષે રોટલા અન્નકૂટનું આયોજન કરાઈ છે. જે પરંપરા અનુસાર આ વખતે પણ જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા રોટલા અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો. જેમાં ૧૧૧ પ્રકારના રોટલાનો અન્નકૂટ ધરાયો હતો. જામનગરના હાપા જલારામ મંદિરમાં દર વર્ષે અલૌકિક રોટલા અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવે છે. જામનગરમાં ૧૭ જાન્યુઆરીના રોજ સતત ૧૧ માં વર્ષે આ રોટલા અન્નકૂટ ધરાયો હતો. જેમાં મકાઈ, રાગી, મેથી, પાલક, સીતાફળ, સ્ટ્રોબેરી, ડ્રાયફ્રૂટ, વિવિધ કઠોળ અને શાકભાજી સહિતના ૧૧૧ રોટલા બનાવી જલારામ બાપાને ધરવામાં આવ્યા હતા. હાપા જલારામ મંદિર ખાતે રોટલા અન્નકૂટ પાછળનો મુખ્ય હેતુ જલારામ બાપાએ જગાવેલી સેવાની જ્યોતને જાળવી રાખવાનો છે. ભોગ ધરાવેલા વિવિધ રોટલાને મંદિરમાં દર્શને આવતા લોકોને પ્રસાદી રૂપે આપવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામા ભક્તો રોટલા અન્નકોટના દર્શન માટે ઉમટી પડ્યા હતા.

# ધ્રોલના ઈટાળા ગામે તસ્કરોનો તરખાટ, એકી સાથે ત્રણ મંદિરોને નિશાન બનાવ્યા

## મેલડી માતાજી, રામ મંદિર તેમજ સુરાપુરા દાદાના મંદિરને નિશાન બનાવી ૩૮ હજારના આભૂષણો ઉઠાવી ગયા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મોટા ઈટાળા ગામમાં આવેલા રામ મંદિર, મેલડી માતાજીના મંદિર, તેમજ સુરાપુરા દાદા ના મંદિર સહિત એકી સાથે ત્રણ ધાર્મિક સ્થળોને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધા હતા, અને અંદરથી રૂપિયા ૩૮ હજારના આભૂષણોની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોળ પોલીસ મથકમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના મોટા ઈટાળા ગામમાં આવેલા મેલડી માતાના મંદિરને ગત નવમી તારીખે કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી માતાજીના ચાંદીના છત્તર, અને બે ચાંદીની છરી કે જેની ચોરી કરી લઈ ગયા હતા.

આ ઉપરાંત બાજુમાં આવેલા એક રામ મંદિરને નિશાન બનાવી લઈ ત્યાંથી ભગવાન શ્રીરામના ચાંદીના છત્તરની ચોરી કરી ગયા હતા, તે ઉપરાંત નજીકમાં જ આવેલા એક સુરાપુરા દાદાના મંદિરનું તાળું તોડી તેમાંથી પણ એક ચાંદીનું છત્તર ચોરી કરી લઈ ગયા હતા. ચોરીના આ બનાવ અંગે ગામના સરપંચ ઉષાબેન ભંડેરીના પતિ વિજયભાઈ બાબુભાઈ ભંડેરીએ ધ્રોલ પોલીસ મથકમાં ઉપરોક્ત ત્રણેય ધાર્મિક સ્થળોમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વઘોરા એ બનાવ ના સ્થળે દોડી જઈ તસ્કરોને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે.

# ખંભાળિયા નજીક ધોરીમાર્ગે મોટરસાયકલ સ્લીપ થતા ચાલક યુવાનનુ મોત

ખંભાળિયા : ખંભાળિયા નજીક લાલપુર તરફ જતા હાઈવે રોડ ઉપર મોટરસાયકલ સ્લીપ થઈ જતા ચાલક યુવાનનું શરીરના જુદા જુદા ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતક સામે ગુન્હો દાખલ કરી આગળની તપાસ આરંભી હતી.

આ બનાવની મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના હાલ કંડોરણા ગામે રહેતો અને મધ્યપ્રદેશ રાજ્યનો સરવન ભગવાનભાઈ ડાવર નામનો ૩૮ વર્ષનો યુવાન જી. જે. ૧૦. બી. ક્યુ. ૬૭૦૮ નંબરનુ મોટરસાયકલ ચલાવી લાલપુર હાઈવે ઉપર આવેલ દ્વારકાધીશ મંદિર પાસેથી પસાર થતો હોય આ વેળાએ એકાએક મોટરસાયકલ સ્લીપ થઈ જતા તેને આંખમાં તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નિપજ્યું હતુ.

આ બનાવ અંગે મૃતકના બનેવી પપ્પુભાઈ ભાવસેના સેમલાએ ખંભાળિયા પોલીસને જાણ કરતા પી. એસ. આઈ. યુ. કે. જાદવ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# બેડીમાં પ્રેમલગ્ન કરનાર યુવાન પર પ્રેમિકાના પિતા-ભાઈ સહિત ચાર શખ્સનો હુમલો

જામનગર : જામનગર નજીક બેડી વિસ્તારમાં રહેતા એક યુવાને પ્રેમલગ્ન કર્યા બાદ પ્રેમિકાના પિતા અને ભાઈ સહિત ચાર શખ્સોએ હુમલો કરી ઘરમાં તોડફોડ કાર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બેડીમાં ગરીબ નગરમાં રહેતા ફરીદ મામદભાઈ બુચડ નામના ૩૨ વર્ષના વાઘેર યુવાને પોતાના ઉપર તેમજ પોતાની પત્ની મરજીનાબેન ઉપર તેમજ પોતાની બહેન નશીમબેન ઉપર ટોમી લોખંડના પાઈપ અને પથ્થર વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પોતાના સસરા અબ્દુલ શરીફ ભાઈ કકકલ, ફારૂક ચાવડા, સાળા અકરમ ઉર્ફે જહાંગીર અબ્દુલ શરીફ ચૌહાણ, અને જાહિદ અબ્દુલ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદ ફરીદભાઈએ આજથી દોઢ વર્ષ પહેલા આરોપી અબ્દુલ શરીફની પુત્રી સાથે લવ મેરેજ કરી લીધા હતા, જેનું મન દુઃખ રાખીને સસરા અને સાળા વગેરેએ સૌપ્રથમ ટોમી અને છરી વડે ફરિયાદી યુવાન પર હુમલો કરી દીધો હતો. ત્યારબાદ પ્રેમ લગ્ન કરી લેનાર મરજીનાબેન ઘરની બહાર મદદ માટે આવતાં તેણીના પેટ ઉપર પથ્થર મારી ઈજા પહોંચાડી હતી, ઉપરાંત ફરિયાદી ફરીદભાઈ બુચડની બહેન નશીમબેનને પણ માર માર્યો હતો, અને મકાન પર લોખંડ નો પાઈપ ફટકારી નુકસાની પહોંચાડી હતી.

જે બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતાં સિટી બી. ડિવિઝનના પીએસઆઈ ડી.જે. રાજ અને તેઓની ટિમ સમગ્ર મામલે તપાસ ચલાવી રહ્યા છે.

# લાલપુર તાલુકાના પડાણા ગામે યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામમાં રહેતા પરપ્રાંતિય યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે,

પ્રાપ્ત માહિતી મુજબ મૂળ મધ્યપ્રદેશના બિહાર રાજ્યના વતની અને હાલ લાલપુર તાલુકાના પડાણા ગામમાં રહેતા વિપુલસિંહ ઝાલાના મકાનમાં ભાડેથી રહેતા અલીહૈદર મોહમ્મદઆરીફ નામના ૧૯ વર્ષના પર પ્રાંતિય યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક યુવાને પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દઈ પોતે ગેસના બાટલા ઉપર ચડી પંખાના હુકમા મફલર બાંધ્યો હતો, અને પંખામાં હુકમાં લટકી ગયો હતો. જે બનાવ અંગે તેની સાથે જ રહેતા પરવેશ આલમ આફતાબે પોલીસને જાણ કરતાં પડાણાના એએસઆઈ વી.સી. જાડેજાએ બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રોલમાં તુલજા ભવાની ઝવેલર્સના શોરૂમમાં સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરનાર ત્રણ તસ્કરો ઝડપાયા

## રૂ. ૨૬.૯૬ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણા તેમજ બે બાઈક કબ્જે કર્યા




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલમાં આવેલા તુલજા ભવાની જ્વેલર્સ નામના સોના ચાંદીના શોરૂમ માંથી ત્રણ દિવસ પહેલાં કોઈ તસ્કરોએ પાછળની દીવાલમાં બાંકોરું પાડી સોના ચાંદીના ઘરેણાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જેમાં એલસીબીની ટીમેં ઊંડાણપૂર્વકની તપાસ કરીને ધ્રોલ-જોડીયા રોડ પરથી ચોરાઉ મુદામાલ સાથે બાઈક પર ભાગી રહેલા ત્રણ તસ્કરોને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રૂપિયા ૨૬.૯૬ લાખની કિંમતના સોના ચાંદીના ચોરાઉ ઘરેણા અને બે બાઈક વગેરે કબજે કરી લીધા છે.

જોડીયા તાલુકાના હડિયાણા ગામના વતની સોની વેપારી પ્રકાશભાઈ હેમતલાલ સોનીની ધ્રોલ નગરપાલીકા સામે આવેલી ''તુલજાભવાની ઝવેલર્સ'' નામની દુકાનમા ગત તા.૧૪-૧ ના રાત્રીના કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દુકાનની પાછળની દિવાલમા બાકોરૂ પાડી દુકાનમાથી સોના ચાંદીના દાગીના કિ.રૂ ૨૬,૯૬,૦૦૦ ની ચોરીને અંજામ આપ્યો હતો. જેચોરીનો ગુનો શોધી કાઢવા માંટે જામનગરના એસપી ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સપેકટર.વી.એમ.લગારીયા તથા પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઈ .એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી.સ્ટાફ દ્વારા ટેકનીકલ સેલ તથા હ્યુમન રીસોર્સનો ઉપયોગ કરી, ધ્રોલ જોડીયા વિસ્તારમા વણશોધાયેલો ચોરીનો ગૂનો શોધી કાઢવા કાર્યરત હતા.

દરમ્યાન એલ.સી.બી.સ્ટાફના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, કાસમભાઈ બ્લોચ, યુવરાજસિંહ ઝાલા, મયુરસિંહ પરમાર, રૂષિરાજસિંહ વાળા વગેરેને મળી હતી કે ઉપરોક્ત ચોરીમાં મજુરોની સંડોવણી છે, અને આ ઝવેલર્સની દુકાનમા ચોરી કરનાર ઈસમો સોના ચાંદીના દાગીના લઈ મોટર સાયકલમા જોડીયાથી ધ્રોલ તરફ આવી રહયા છે. જેથી ધ્રોલમાં ચામુડા પ્લોટ પાણીના ટાકા પાસે વોચ ગોઠવી હિમતભાઈ પાંગળાભાઈ મહેડા ઉવ.૨૫ ધંધો ખેતમજુરી રહે. કેશીયા, તા.જોડીયા, શૈલેષભાઈ નવલસીગ મહેડા ઉવ.૨૩ ધંધો ખેતમજુરી રહે. લખતર, તા.જોડીયા અને ટીનુભાઈ પાંગળાભાઈ મહેડા ઉવ.૨૫ ધંધો ખેત મજૂરી રહે. રંગપુર તા.પડધરી ની અટકાયત કરી લીધી હતી.

જેઓ પાસેથી સોનાની વીટીઓ, બુટીઓ, ચેઈન, એરીગ, પેન્ડલ સેટ, કાનની બાલી, ઓમકાર,નાક કાનના દાણા વિગરે સોનાના દાગીના આશરે ૧૭૫ ગ્રામ કિ.રૂ.૧૭,૫૦,૦૦૦ તેમજ ૨) ચાંદીના દાગીના બંગડી, સાકરા, લકકી, કંદોરા, જુડા,ચેન, વિટી, કડલી, બ્રેસલેટ, સિક્કા, ડોકીયુ, દાણા, ગાય,મુર્તિ, છતર, જે ચાંદીના દાગીના કુલ વજન-૧૧ કિલો ગ્રામ જેની કિ.રૂ ૯,૪૬,૦૦૦ મળી કુલ રૂપીયા ૨૬,૯૬૦૦૦ નો ચોરાઉ મુદામાલ ઉપરાંત ૪ નંગ મોબાઈલ ફોન બે નંગ મોટર સાયકલ અને ચોરીમા ઉપયોગ લીધેલો લોખંડ નો સળીયો વગેરે કબજે કર્યા છે, અને ધ્રોળ પોલીસ મથકમાં સુપ્રત કરી દીધા છે.

# ખંભાળિયામાં મકાનમાં ચાલતા જુગારના અખાડામાં સાત મહિલાની અટકાયત

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેણાંક મકાનમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પડ્યો હતો જ્યાં જુગાર રમતી સાત મહિલાની અટકાયત કરી તમામ સામે જુગારધારા હેઠળ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં પાણીના ટાંકા પાસે રહેતી સોનુબેન ભીમાભાઇ કારીયા નામની મહિલા અન્ય મહિલાઓને બહારથી બોલાવી પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતી હોય તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડી અહીં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી સોનુબેન કારીયા સહિત વાલી બેન ભીમાભાઇ લુણા, ગીતાબેન કાંતિભાઈ ડાંગર, ગીતાબેન જેઠુભા વાઘેલા, મુમતાજબેન મામદભાઈ સંધી અને ગીતાબેન શાંતિલાલ ઉનડકટ નામની સાત મહિલાની અટકાયત કરી સ્થળપરથી રૂપિયા ૨૪ હજારની રોકડ રકમ કબ્જે લઈ તમામ સામે જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# મુળીલા ગામે બિમારીથી કંટાળી વૃધ્ધનો ગળાફાંસો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મુળીલા ગામેં રહેતા એક વૃદ્ધે બીમારીથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ મથકમાં ઉઠવા પામ્યો છે.


પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના મૂળીલા ગામે રહેતા મનજીભાઈ ગોવાભાઈ પરમાર નામના ૭૦ વર્ષના બુઝુર્ગે પોતાની વૃદ્ધાવસ્થા તેમજ એસીડીટીની બીમારીથી કંટાળી જઈ પંખાના હુકમા દોરી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકના પુત્ર વિનોદભાઈ મનજીભાઈ પરમારે પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્યના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન કે છૈયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર-રાજકોટ માર્ગ પર ધુમ્મસના લીધે અકસ્માતના ત્રણ બનાવમાં ત્રણ વ્યક્તિ ઘાયલ



તસવીર: સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં ગાઢ ધુમમસના કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી. જામનગર રાજકોટ ધોરી માર્ગ પર જુદાજુદા ત્રણ વાહન અકસ્માતમાં ત્રણ વાહન ચાલકો ઈજાગ્રસ્ત બન્યા છે.

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ગઈકાલ રવિવારે પરોઢીયે ગાઢ ધુમ્મસને કારણે ત્રણ અકસ્માતો સર્જાયા હતા. વિઝિબિલિટી (દ્રશ્યતા) ઓછી હોવાને કારણે જામનગર શહેરના ગુલાબનગર ઓવર બ્રીજ પર એક રીક્ષા ડીવાઈડર સાથે ટકરાતાં અકસ્માત સર્જાયો હતો, અને ઈજાગસ્ત રીક્ષા ડ્રાઈવરને તાત્કાલિક સારવાર અર્થે સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

જ્યારે જામનગર-રાજકોટ માર્ગ પર આવેલ પંચકોષી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન નજીક એક ટ્રક અને એક કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈજાગ્રસ્ત કાર ચાલકને તાત્કાલિક સારવાર અર્થે સરકારી જી.જી. હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જામનગર-રાજકોટ માર્ગ પર મોટીબાણુંગાર ગામ નજીક એક થાર જીપ અને આઈસર ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં થાર જીપના ચાલકને ઈજાગ્રસ્ત બનતા સરકારી જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા તમામ અકસ્માતના બનાવો અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# બેટ દ્વારકામાં યજમાનવૃત્તિ કરતા બ્રાહ્મણો ૨૫ દિવસથી આવક વિહોણા

## દેવસ્થાન સમિતિના નિર્ણય સામે તીર્થ પુરોહિતો દ્વારા કાળીપટ્ટી સાથે વિરોધ પ્રદર્શન




દ્વારકા : બેટ દ્વારકાધીશ મંદિરમાં દેવસ્થાન સમિતિ દ્વારા યજમાનવૃત્તિ કરનારા બ્રાહમણોને પ્રવેશ નિષેધના નિર્ણયને ૨૫ દિવસ થવા છતાં ઉકેલ ન આવતા બ્રાહમણો દ્વારા કાળી પટ્ટી બાંધી દેવસ્થાન સમિતિના નિર્ણયનો ઉગ્ર વિરોધ કર્યો હતો.

બેટ દ્વારકાધીશ મંદિર સમીપ બેટ દ્વારકાધીશ મંદિરમાં યાત્રાધામનો મહિમા યાત્રાળુંઓને વર્ણવી યજમાનો પાસેથી મળેલ સહર્ષ દક્ષિણાથી ગુજરાન ચલાવી યજમાનવૃત્તિ કરનારા બ્રાહમણોએ બેટ દેવસ્થાન સમિતિ દ્વારા આશરે ૨૫ દિવસ પહેલા અમલમાં લાવેલા યજમાનવૃત્તિ સાથે જોડાયેલ બ્રાહમણોનો મંદિરમાં યજમાનવૃત્તિ કરવા હેતુ પ્રવેશ નિષેધ કરવાથી અહીના બ્રાહમણોની હાલત કફોડી બની છે. બેટ દ્વારકાધીશ મંદિરમાં યજમાનવૃત્તિ એ એકમાત્ર આવકનો સ્ત્રોત ધરાવતા તીર્થગોર બ્રાહમણોને આ નિર્ણયથી આર્થિક ફટકો પડયો હોય આવકનો સ્ત્રોત બંધ થતાં બ્રાહમણો અસહાય જેવી સ્થિતિ અનુભવી રહયા છે.

ગઈકાલે બેટ ગુગળી બ્રાહમણ સમાજના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ઠાકર સહિત સેંકડો બ્રાહમણોએ તંત્રના મનસ્વી નિર્ણય સામે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ વ્યકત કર્યો હતો.

વધુમાં તેઓએ શાંતિપૂર્ણ વિરોધનો સૂર દાખવતા આગામી સમયમાં આ અંગે યોગ્ય ઉકેલ ન આવે તો બ્રાહમણો દ્વારા વધુ આંદોલનાત્મક પગલા લેવાય તેવી સંભાવનાઓ જણાઈ રહી

આ અંગે બેટ દેવસ્થાન સમિતિના ટ્રસ્ટી પ્રમોદભાઈ ઉમાશંકર ભટ્ટે જણાવ્યું કે સુદર્શન સેતુના નિર્માણ બાદ બેટ દ્વારકામાં યાત્રીકોનો પ્રવાહ વધ્યો છે. મંદિર આસપાસ સાંકડાશને કારણે યાત્રીકોના ઘસારાને પહોંચી વળવામાં સરળતા રહે તે હેતુ ડીએસપીના સૂચન બાદ પશ્ચિમ દિશા તરફથી યાત્રીકોને એન્ટ્રી અને પૂર્વ દિશા તરફથી એકઝીટની વ્યવસ્થા હાલ અમલમાં જેના કારણે યાત્રીકોને સરળતા રહે તેવી વ્યવસ્થા અમલમાં છે.

હાલમાં બ્રાહમણોના વિવાદ અંગે તેમણે જણાવ્યું કે આગામી ટ્રસ્ટીમંડળની મીટીંગમાં આ મુદ્દો ચર્ચામાં લેશું અને જે કોઈ લોકોનો પ્રશ્ન કે વ્યાજબી માંગણી અંગે હકારાત્મક અભિગમ દાખવવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતું.